ખરો ધર્મ કયો?

લેખક અને પ્રકાશક:

શીરીનબાઈ સોરાબજી લાલકાકા,

ઠે:—વાડીઆ બીલ્ડીંગ, ચોપાટી.

કિંમત અમુલ્ય.

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં, હોશંગ તેહમુરસ અંકલેસરીઆએ,
નં. ૧ પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ મધ્યે છાપ્યું છે.

૧૯૨૧.

શ્રી દાદાર અહુરમજદની મદદ હોજો !



રોઝીમાય,

ઉમ્મર વરસ અગીઆરના.

અર્પણ પત્રિકા.

મારા જાતી વીચારોનું ઉપજાવેલું આ નહાનું પુસ્તક હું, મારી અશો અને બહેશ્તનશીન વહાલી દીકરી રોઝીમાંયને, એમના ભલા ગુણોની યાદમાં એમની તરફના મારા અતિશય વહાલ અને માનને ખાતર અર્પણ કરૂં છું.

પરવરદેગાર એમના ભલા રૂહને તે જેહાંનમાં ઘણું સુખ, શાંતી બક્ષો! **આમીન!!**

સાંકળીયું.

વિષય.		પ્રષ્ટ.
૧	ખરો ધર્મ કયો	૧૦.
૨	ખુદરત	૧૧.
૩	પાપ અને સવાબ વિષે બે બોલ	૧૩.
૪	માણસના મનની રચના	૧૪.
૫	ગુણ અવગુણોની ટીપ	૧૫.
૬	માણસ જાતમાં વસ્તા મુખ્ય અવગુણો	૧૫.
૭	માણસ જાતમાં વસ્તા અમુક ગુણો	૧૬.
૮	નિયમીતપણું	૧૭.
૯	સાધુ	૨૨.
૧૦	ખુલાસો	૩૦.
૧૧	અદેખાઇ	૩૦.
૧૨	સંતોષ અને સબુરી ૧	૩૪.
૧૩	સંતોષ અને સબુરી ૨	૩૫.
૧૪	નસીબ	૪૧.
૧૫	વિચાર શકિત	૪૮.
૧૬	જરથોસ્તી ધર્મ વિષય	૪૯.
૧૭	ધર્મ તથા બંદગી અને બંદગીના તબક્કા	૫૦.
૧૮	લડાઇ કેમ અટકાવવી	૫૯.
૧૯	મોત તથા જરથોસ્તી ધર્મમાં મરણ પછી થતી ક્રિયાઓના (બે વીશયો)	૬૧.

જન્મ ચીત્ર.

બહેસ્તનશીન અશો દીકરી. રોઝીમાંયનો જન્મ અમદાવાદ શહેરમાં એમના મુરબ્બી મમાવાજી સર નવરોજજી પેસ્તનજી વકીલના બંગલામાં સને ૧૮૯૪ ના સાલમાં ડીસેમ્બર મહીનાની અંદર થયો હતો. તથા માસ સપટેમ્બર ૧૯૧૧ ના સાલમા ગુજર્યાં હતા એટલે લગભગ સત્તર અઢાર વર્ષની ટુંક ઉંમરમાં જુવાન વયે પોતીકા વહાલાંઓને ગમમાં ગીરફતાર કરીને ચાલી ગયા. મૃત્યુ પણ ઘણુજ અકાએક અને એમની નેકી મુજબ ઝાઝું દુઃખ વેદના વગર થયું હતું. કે જે વખતે જ્યારે મરણની ફક્ત અડધા કલાક આગમજ એમને મોટા ડાકટરથી પુછવામાં આવ્યું હતું કે તમને શું થાય છે! અને કેવું લાગે છે! ત્યારે એવણ તરફથી એટલાજ બે બોલ કહેવામાં આવ્યા હતા કે જી. મને ઉંઘ આવે છે. એમ કહી ઘણી શાંતિથી કશાપણ દુઃખના ચિન્હવગર આંખ મીચી દિધી હતી. એ બાઇનું દીલ નાનપણથીજ ઘણું ઉમદા ખવાસ ધરાવતું હતું. બચ્ચું હતાં ત્યારથીજ ઘણો ખુશ સ્વભાવ અને સદા હસતો ચેહેરો હતો. તેમજ ખુદાના ઘરની નુરાંની જન્મ્યા ત્યારથી તે મરણ પર્યંત સાથેજ લઇને આવ્યાં હતાં. એટલે મોઢાપર તેજ સારૂં હતું. ચેહેરો સદા ગોલાબી રહેતો તે ઉપરથી ઇંગ્રેજી નામ (રોઝી) પાડવામાં આવ્યું હતું. બાકી એમનું ખરૂં નામ તો એમના નેક બપાઇજીએ

પોતીકું ગુલબાઇ નામ આપ્યું હતું. ત્યા પછીથી પાડેલું (રોઝીમાંય) નામપણ પાછું બપઇજીનીજ સુચનાથી બદલ્યું હતું. તેઓ, મુરબ્બીજી એ બચ્ચાંઓમાં ઘણોજ ઉમંગ રાખતાં હતાં, અને નાનપણથીજ બચ્ચાંઓનો ઉમદા ખવાસ વધુ ખીલવવાને પોતા તરફના અતિ કીમતી, નેક, શકુનો, તેમના કાનમાં રેડી હંમેશાં ભલાં ચાલવાને સલાહ આપતાં હતાં.

એ બચ્ચાંની બુદ્ધી તેમજ દેખાવ નાની ઉમર છતાં મોટા માણસ જેવું ઠાવકું, અને લાયક હોવાથી સોળ વર્ષ પુરાં થતાં એક સારા કુટુંબમાં પરણાવ્યાં હતાં. જ્યાં પોતાના ધણી તેમજ સાસરીઆંનો અતિ જીવ મેળવ્યો હતો અને તેઓને પણ ટુંક મુદતમાં માયા લગાડી પોતે બેહેસ્તનશીન (સ્વર્ગવાસ) થયાં. એમના ભલા સાસરીયાંએ પણ એ વહાલી દીકરીના મરણ પછી ઘણા વખત સુધી ગમ (શોક) રાખ્યો હતો. તથા જ્યારે એ દીકરી જીવતાં હતાં ત્યારે પોતીકી દીકરી માફકજ ગણી એમની દરેક મરજી અને શોખ પુરા પાડયા હતા. એ બચ્ચું જન્મથીજ પૂરણ ભાગ્યશાલી હતું. આ દુનિયામાં જન્મી કોઇ જાતનું ખાસ દુઃખ જેવું તો તેણે અનુભવ્યુંજ નહી. ને જે જોતું તેને એના ઉપર વહાલ આવતો એવું તે નિર્દોષ હતું. સૌ કોઇ એમને ચાહતાં અને માન આપતાં એવો સારો અને શાંત સ્વભાવ હતો. કદી કોઇ સાથે લઢતું વઢવું કે મોટે સાદે બોલતાં તો આવડતુંજ નહોતું. બહુ થોડું બોલતાં હતાં તથા કોઇ જાતની કોઇની કનવાર

નહોતી. તેમજં પગલું પણ ઘણું ભાગ્યશાલી હતું. જ્યાં જાય ત્યાં લીલાલહેર કરે તેવા એમને પરમેશ્વરના આશીષ હતા. પોતે મરણ પામ્યાં ત્યારેપણ કોઇ સંજોગથી પોતાના પગ આગલ કંકુ નારીયેળના સગન પડેલાંજ હતાં. કારણકે માંદગી આગલે દીવસે ગંભીર લાગેલી નહોતી. તે સબબે બીજે દીવસે જગ્યા બદલ કરવાનો વીચાર રાખેલો કે જ્યાં મોટા ડાકટરોની મદદ કામ પડે તે વખતે મળી શકે માટે બાંમદાદમાં (સહવારમાં) તે દીવસે પોતેજ વહેલાં સજાગરૂ થઇ ઉલટ કરી શુદ્ધ સફેત વસ્ત્ર પહેર્યાં અને સગાંવહાલાંઓને ખબર પડવે બેઉ તરફનાં મલવા આવ્યાં, જેથી વીસ પચીસજણાં તે કુશાદે ઓરડામાં, આજુબાજુ એકઠાં થયાં જેઓ સર્વને પોતે મળવા ઇચ્છી પોતાનાં બીછાના આગલ તેડયાં. જેમાંથી કોઇ કોઇ તેમની પાસે આવીને મલ્યાં તેઓને હેતથી ભેટીને કહ્યું કે હું ઇસ્પિતાલમાંથી સારી થઇને આવીશ. પછી હોંસથી પોતાના શરીર ઉપર અત્તર છાંટયું. અને બેચાર દીવસથી ખોરાક ન ગયેલો તે ખુશાથી ગલામાં રેડયો. તેવામાં જોત જોતામાં ત્યાંને ત્યાંજ બેશુધ્ધી આવવા માંડી તેવીજ દોડધામ અને ઉપાય તો ઘણા અજમાવ્યા પણ અફસોસ કે બધાની નાશીપાસી અને અજાયબી વચ્ચે આશરે બપોરે બાર વાગ્યાને અમલે પોતાનો પવિત્ર પ્રાણ તે કીર્તારને અર્પણ કર્યો. ઇસ્પિતાલમાં પણ જવા પામ્યાં નહિ. અને સૌ જ્યાંનું ત્યાં રહી ગયું. એક સાધારણ માંદગીમાં એકાએક 'હાર્ટ ફેલ' થયું.

તે વહાલી દીકરીના મને છેલ્લા બે બોલ એ હતા કે માં હું તમોને ખરા અંતઃકરણથી ચાહું છું, અને તમો મારી પાસેથી જરા ખસશો ના તેથી કરી જેવી એ દીકરી ગુજર પામી કે મે ધીરજથી તરત ધર્મના ફરમાનની રૂએ મન કઠણ કરી એકપણ આંસુ ખેરવ્યા વગર એ દીકરીના કાનમાં જરથોસ્તી ધર્મના 'યથા' અશેમના પવીત્ર, કલામ ઘણા શાંતિથી ભરયા હતાં. મરણ બાદ પણ એમનો દરજ્જો વધુ ચઢતો થયો હોય એમ મને લાગતું હતું કારણ એમનું પવિત્ર રૂહ સ્વપ્ન મારફતે ઘણી વાર મારી સાથે વાત કરતું હતું.

એમના નામની એક જુદી ટેબલ (સંગેમરમરની) મેં રાખી હતી, ત્યાં ખરે મનથી સદા મારે હાથે જાતે દરરોજ સહવારના, સફાઈથી હું થોડુ દુધ, ફુલ, ફુટ, વગેરેનું ચાલુ લોબાન મુંકયા કરતી હતી જેથી એમનો આત્મા મને ખુશાલ લાગતો. અને કોઇ વાર તો જો હું ભુલી જાઉં, યા કાંઈ કારણુસર થોડા દીવસ એમ કરવાનું મુંકી દેઉં તો કોઇબી રીતે મને એ વિષેની એવણ યાદ આપતાં. જેથી મને એ, નેક કામની એક રીતે ફરજ સાથે ઉલટ પણ રહેતી હતી. એ બાબતમાં મારૂ એકીન વધારે મજબુત કયારે થયું, કે એક વાર મુકતાદના પવીત્ર દીવસોમાં જયારે રાબેતા મુજબ વર્ષના એક ચોકસ મોટા દીવસે (નવરોજના દીવસે) જયારે હું હર વખતની માફક એક વાર એક સુંદર કપડાની જોડ ફકત મનના સંતોષ્યારા અને ખુશાલીને ખાતર એમના નામને

અર્પણ કરતી હતિ. (જે નહિં કે એવું ધારીને કે તે લોક આવીને પહેરતાંજ હશે. છતાં રવૈયા મુજબ મુકતી હતી) ત્યારે એક વાર એવું બન્યું કે તે આખી કપડાની જોડમાં કસ્તી જેવી એક નહાનિ પવિત્ર વસ્તુ મારી જાણ વગર અંદર મુકતાં ભુલાઇ ગઇ. તેજ રાત્રે પોતાની નાની બેનને સ્વપ્નામાં આવીને કહયું કે માયજીને કહો કે કપડાંની અંદર જુઓ તમો કસ્તી મુકતાં ભુલી ગયાં છો, કરી પોતાની કમર ઉપર હાથ ફેરવ્યો, એ મુજબ એમના કહેવાથીજ જયારે કપડામાં પછી જોયું તો તેમજ હતું, કસ્તી કબાટમાંજ રહી ગયેલી હતિ. પોતે પણ જીવતાં, ત્યારે ઘણી વાર ખરાં સ્વપ્નાં જોતાં હતાં, તેમજ કોઇની કાંઇ વસ્તુ ગુમાઇ ગઇ હોય તો પોતે ચેતીને સુતાં, અને સ્વપ્નો જોઇ ખરૂ કહી આપતાં. અને પછી તે ચીજ તેજ જગ્યા ઉપરથી મલી આવતી હતી. એવી સત્યવાદી બાઇ હતી.

એમનો જન્મ મારા અશો અને અતિ દયાલુ મનના મુરબ્બી બપઇજીની વર્ષીને દીવસે થયો હતો. તેથી અમે એમજ માનતાં હતાં કે કોઇ બુઢ્ઢું માણસ પોતાના ફેરામાં થોડાં વર્ષ બાકી, રહેલાં પુરાં કરવા આવ્યું હશે, કારણકે મારા બપઇજી તેમજ, મારાં નેક માતાજી બેઉ ઘણાજ અશો અને ધર્મીષ્ટ તેમજ જાતિ અગાઇવાલાં હતા.

મારાં મરહુમ ભલાં માતાજીએ પણ પોતાની ઉમર આટલાંજ વર્ષની છે એમ આગમજથી કહયું હતું જે પાછળથી,

આબેહુબ ખરૂ પડયું હતું. તેજ માફક એ દીકરીએ પણ મરણની થોડાં દીવસ આગમજ સ્વપ્ન જોઇ મને પોતાને કહયું હતું કે મા મને હાલ કાંઇ ખુશાલી લાગતી નથી કારણકે મને સ્વપ્ન આવ્યો છે કે જેમાં એક સાધુ માણુસે આવી મને ખબર આપી છે કે થોડા દીવસમાં તારૂ મરણુ થશે, જે વાતને મે બીલકુલ વજન્ નહિ આપતાં હશી કહાઢી, અને કહયું કે એ ચીજ તો ત્યારે મહારાજેના કહેવા પ્રમાણે સ્વપ્નદ્વાર થઇ એટલે હવે નડશે નહિ. એમ કહી મે સધ્યારો આપ્યો બાદ પોતે પણુ મનમાંથી તે વાત કહાઢી નાંખી ખુશાલ થયાં તે છતાં જે બનવા કાલ હતું તે તો બન્યું ખરૂ. એ દીકરીના ગુજરવા બાદ એક વારની મને માનીતિ દુનીઆ મારા મનથી અકારી થઇ લાગી. તેવામાં મારી તબીયતના અર્થે મને "પંચગની" જઇ રહેવું પડયું. જ્યાંના એકાંતવાસમાં મને ઘણું સારૂ લાગ્યું. મારૂ મન શાંત થયું અને મને ઘણુા સારા પવિત્ર વીચારો આવવા લાગ્યા. કોઇ કોઇ વાર તો મને પરગડા ગેબી અવાજો પણુ આવે. તેમજ સ્વપ્નામાં ઘણુા રૂવાનો આવ જાવ કરે જેમાંના કોઇ કોઇ તો મને પોતાનો સંદેશો તેમનાં જીવતાં સગાં વહાલાંને કહેવા કહી જાય તેથી આખર કરો પણુ હું માણુસ જાત તે મને એથી ઘણો ભય લાગ્યો અને મે પરમેશ્વર પાસે હાથ જોડી અરજ કરી માગી લીધું કે મેહેરબાની કરી મને એ ફરજમાંથી મોકળી કરવી. ત્યાર બાદ તે લોક (અશો રવાનોને) એ રીતે મેં ઘણુાંજ થોડાં જેયાંચ

તે બાદ મેં મારૂં મન આસ્તે આસ્તે બીજા સારા વીચારોમાં રોકવા માંડયું ત્થા લોબાન પાણી ચાલુ મુકયા કરવાથી મને ઘણીજ હીમત આવી ત્થા મધ્ય રાત્રે જયારે જંગલ જેવા જગ્યામાંના બંગલાની અંદર જો હું ફકત એકાદ બે બાઇ માણસ સાથે એકલીબી કોઇ વાર હોઉ તો મને એવું લાગતું કે જાણે મારી પાસે વીસ પચીસ માણસના જેટલી વસ્તી હોય. બીક જેવી ચીજ તો તે વખતે મે અનુભવીજ નહી, એવી ગેબી મદદ મને તે વખતે રહેતી હતી. હું જયારે એક વાર સાંકના વન જેવી જગ્યામાં પણ નાના બચ્ચાંઓ સાથે રહી હતી ત્યારે પણ પરવરદેગારના નામનું એકીન રાખવાથી મને જરા પણ ડર લાગેલો નાહ. તેમજ કોઈના જીવને પણ તેમની મેહેરબાનીથી અળવળ ન હોતિ આવેલી, એવું પરમેશ્વરનું એકીન મોટું છે.

એ રીતે 'પંચગની'માં જેવો એક સારો વીચાર મને બાંમદાદમાં આવતો તેવી હું તરત તેની નોંધ લેતી હતી, અને સપાટાબંધ એકીજ વખતે તે વિષય એમનો એમ પુરો કરતી હતી. જેમાં હું પછીથી કાંઇ પણ સુધારો કે વધારો કરતી હતી નહી. જે વીચાર આવ્યો તેવોજ લખતી. કારણ મારી મતલબ એક સારા લખાણ કર્તામાં ખપવાની પેહેલાથીજ ન હોતી માટે તે પર મેં ઝાઝું ધ્યાન દીધું કે મેહેનત લીધીજ નહી તેથી મારા મગજને એ લખાણ લખતાં ઝાઝો વીચાર કરવો પડયો નહી માટે એમાં મને ખાસ મેહેનત જેવુંબી કાંઇ લાગ્યુંબી નહી.

એ પ્રમાણે એકેક પછી આવતા શુભ વીચારો ઉપરથી તેનો એકેક નિબંધ ચીતરી કાઢવા માંડયો એવું ધારીને કે વીચારો તો સો કોઇને આવે એમાં નવાઇ નહી. પણ તે સદાબરા ઉતારી તેની એક બુક બનાવી હોય તો કોઇનાબી વાંચવામાં આવે અને એ રીતે કુદરતની રચના અને માણુસોના વીચારો એક બીજા સાથે કેટલે દરજ્જે મલતા આવે છે તે પણ જોઇ શકાય તેમજ વલી તેને કેળવીને મનથી સુધારીબી શકાય તો દરેક માણુસ પોતાને કેવું સારૂ બનાવી શકે ? એજ ફકત ભલા વીચારથી આ નાનું પુસ્તક લખીયું છે જે માટે અરજ કરૂ છું કે એના લખાણુની રીતી કે ભાષા તરફ નહી જોતાં ફકત એના રૂડા હેતુ તરફજ જોઇ ભુલ ચુક દરગુજર કરવી કારણુ મારૂં વાંચન પણુ કાંઇ ઝાઝું નથી તેમજ ઉમરમાં આ પહેલીજ વાર આ નાની જેવી ચોપડી લખવાની મેં હીંમત કરી છે વંચકમાં મને ખુદ્રતીજ ધર્મને લગતું કાંઇ લખાણુ જો કદી જોવામાં આવે તો જરા રતી વાંચ્યું, ત્યારે મારા મનને એમ થાય કે આ વીચારો તો જાણે મારા વીચારને મલતાજ ન હોય ? તે ઉપરથી મને લાગે છે કે દરેક માણુસના મનની રચના તો પરમેશ્વરે એકસરખીજ ઘડેલી છે પણુ તેમાં જમાનાના ફાંટા અને કેલવણીની રૂઢીથી ફેરફાર થઇ ગયેલો છે, બાકી છેવટે તો જોશો તો બધાં એકજ મહાન રસ્તા ઉપર ખેંચાય છે એમ મને લાગ્યું એવી મારા મગજની વલણુ તે વખતે હતી તેવામાં મુંબાઇ પાછું

કરતાં મારૂં ધ્યાન મારી એક બીજી, નાની છોકરીના ભલા અર્થે સંસારમાં ગુંતાયું અને એ વીચારો અધુરાજ લખાયેલા રહયા તે આજની ઘડી વેર પણ જેટલું લખાયેલું હતું તે અણુ માપે મારી પાસે પડી રહેલુ હતું. જે અચાનક મારાં મુરબ્બીજી સાસુજીના જોવામાં આવ્યું. તેવણે હાલ મને તેની એક બુક બનાવી છપાવવા સુચવ્યું કે જેટલું હોય તેટલું હાલ લખવામાં ખોટુ નથી. આગલ ઉપર વલી વધુ ઉમેરો કરવા ધારશો તો કરી શકાશે, તેમજ મારા બેનના દીકરી બેન મનીજેહે સોરાબજી લાલકાકાએ પણ મને એ લખાણ વીષેની ઉલટ આપતાં મને તે વાતની હોંશ થઇ કે જેટલું છે તેટલુ હાલ તો છપાવું ને ભવિષ્યમાં હશે તો વધારે લખીશ તેટલાં આટલો બોધ છોકરાંઓ માટે સારૂં ધોરણ શરૂ કરવા પુરતો છે, અને એ નીયમે ચાલશે તો સંપૂર્ણ થઇ શકાશે.

મારો વીચાર એ ચોપડી મારા મેહેરબાન મુરબ્બીજી સાસુજીને અર્પણ કરવાનો હતો કારણ તેઓ વીષે મારા દીલમાં હું સદા ઘણુ માન અને હેત ધરાવું છું કેમ જે તેઓ મને એક દોકરી કરતાં આલાં ચાહે છે અને ગણે છે પણ એઓએ મારી એ ઇચ્છા ઉપકાર સાથે નહી કબુલતાં એમ સુચવ્યું કે એ ચોપડી મારી અશો દીકરી રોઝીમાયનેજ અર્પણ કરવી કે કોઇબી વાંચે ને કાંઇ જ્ઞાન મેલવે તો તેનું પુણ્ય એ દીદરીને હાંસલ થાય. એ મુજબ એમની સુચનાને મે

માન આપીને કર્યું છે જેથી એ દીકરીની ઓળખ સારૂ વાચનારને આટલો હેવાલ રજુ કર્યો છે.

હવે વલી બીજું એમ થયું કે એ વીષયો મે લખીને તૈયાર તો કર્યાં ખરા પણ તેને ચોપડીના આકારમાં ગોઠવી છપાવવાનું કામ મારે મનથી કંટાળા ભરેલું થઈ પડયું કારણ કોઇ દીવસે એ પ્રમાણે છપાવવાની માહીતી મેલવેલી નહી તેથી એમાં મારાં ભલાં વડાં બેહેનજી દીનબાઇની કીમતી સલાહથી વધારે સહેલ થયું તે ઉપરાંત અમદાવાદનાં રહીશ જાણીતાં પ્રીય બેહેન સૌભાગ્યવંતી બેન વિદ્યાગવરી નીલકંઠ બી. એ. એ પણ મારા વિષયો વાંચી પસંદ કીધા એટલે મને એ કામ આરંભવાને શુભ ઉલટ થયો.

ખરો ધર્મ કયો.

માણસ જાત માટે ખરો ધર્મ કયો છે, તે મોટા મહાન પૈગંબરોના સ્થાપેલા પંથો અને ધર્મોમાંથીજ તેરવી, શોધી કાઢીને તેના બળથી આપણામાં વસ્તા દરેક અવગુણોનો નાશ કરી તેના હરિફ઼ા તે ભલા ગુણો યા સદગુણોને અખત્યાર કરી તદન ફ઼િરેસ્તાઇ ખસલતના બનવું એજ ખરો ધર્મ છે, એમ સર્વે આદમ જાતે યાદ રાખવાનું છે, કારણ દરેક ધર્મ અને તેની નીમેલી ભકિત યા ક્રિયા કામ

આપણુને સિધા રસ્તા ઉપર પાર ઉતારવાને માટેજ એક કાણુસ મીસાળ છે, જે સૌએ હરદમ યાદ રાખવાનું છે.

આમીન.

ખુદરત (યા આ સંસારમાં ચાલુ ઉપજતી ખુદાઇ નીયમોની બાબતો).

સંસારમાં એવી ઘણી એકસરખી બાબતો ખુદરતી ચાલુ ઉપજે છે કે જે ઉપર આપણે ઘણો થોડો વિચાર કરીએ છેએ, યાતો તે બાબતોને તદન નજીવીજ ગણી તે ઉપર બિલકુલ ધ્યાન દેતાં નથી, પણ જો, તેના ઉપર બરાબર ધ્યાન દઇ વિચાર કરીએ તો તેમાંથી થોડુ ઘણું જ્ઞાન મળે તેમ છે અને તે સાથે સંસાર સાગરમાં તરી નીકળવાને માટે. તેમજ મન સુધારવાને કાજે એ એક મોટું સાધન થઇ પડે એમ છે. માટે એ ઉમદા બાબદોને બાજુ પર નહિ મુકતાં સંસારી બાબદોના માફકજ એ ખુદાઇ બાબદોને પણ ઘણી મજબુતીથી વળગી રહેવું જોઇએ, કે જેમ કરવાથી સામી સંસારી બાબતો કે જેમાં આજ કાલ આપણુને ઘણી મુશ્કેલીઓ નડે છે તે એ ખુદાઇ ટેકાથી તથા તેને લગતા અણુદીઠ બનાવો જે પહેલી નજરે આપણુને સમજવા થોડા મુશ્કેલ લાગે છે પણ તે ઉપર જો થોડુંબી ધ્યાન દેવામાં

આવે તો આપણને તે સહેલ થઇ પડે એમ છે. વાસ્તે આપણો સંસાર સુધારવા કાજેજ માણસ જાતે પોતાનું (આત્મ જ્ઞાન) જે ખુદાઇ જ્ઞાન છે તે ખીલવવાની મોટી જરૂર છે, જે ફક્ત ખુદરતી બનતા બનાવો ઉપર પુખ્ત વિચાર કરવાની આદત પાડવાથીજ તથા તે ઉપર સામા સાથે છુટથી વિવેચન કરવાની ટેવ રાખવાથીજ બની શકશે, કેમ જે દુનીઆના તમામ આદમીને મોડે યા વહેલે એકજ તબક્કા તરફ જવાનું છે ત્યારે કાંય નહિ સમજી, ચેતી, ને જલદી એ માર્ગ તરફ આપણે રસ્તો કાપીએ?

માણસ માણસના મનની સ્થિતીમાં ઘણો ફેર રહે છે કોઇના મનના વિચારો ખુદાઇ બાબદો તરફ ઢળેલા હોય છે જ્યારે કોઇના વિચારો ફક્ત સંસાર વેહવારમાંજ ગુંથાયલા રહે છે, અને તે પણ સર્વથી જુદા પડે છે, કારણ જેવો જેનો તબક્કો તે મુજબ સર્વે વત્તા ઓછા પ્રમાણમાં, કોઇ આગળ વધેલા તો કોઇ પાછળ વિચારો ધરાવે છે. એવી દુનિયાના માણસોની સ્થિતિ છે તેટલાંજ કારણસર માણસોનું મત એક બીજાં સાથે મળતું આવતું નથી, પણ ઘણાખરા એક બીજાના વિચારથી જુદાં પડતાં તેમાંથી તકરારો જાગે છે. જે ખુદરતીજ છે. કારણ સૌ પોતપોતાને ખરૂ માને છે જે બરાબર છે કારણ પોતે હાલ કહી સ્થિતિ ધરાવે છે તે માણસ પોતે પોતાને માટે કાંઇ સમજી શકતું નથી. નહી તો ખરૂં જોતાં તો સૌ એકજ સ્થિતિમાંથી પસાર થઇ ગયેલાં છે, થાય છે, અને થશે, ત્યારેજ દુનિયાનો છેડો એકસરખીજ રીતે આવવાનો એમ લાગે છે.

પાપ અને સવાબ વિષે બે બોલ.

આપણા લોકમાં સાધારણ રીતે એમ કહેવાય છે કે ફલાણો ગુહનો કરે તો પાપ લાગે, પણ પાપ એટલે શું ? પોતાને યા સામાને નુકશાન પહોંચે (પુગે) તેનું નામ પાપ, જે ઉમરે પુગેલાં તથા સમજદારો તો બધુ સમજી શકે છે, પણ મહોટે ભાગે બચ્ચાંઓ તથા અજ્ઞાનો સમજતાં નથી, તેવો તો બીચારાં તે ચીજ ફક્ત એક ડરથીજ કરે, યા ન કરે અથવા તો જયારે તેમાં આણુજાણુ ફસી અનુભવ મેળવે પછીજ ખરૂં ખોટું સમજતાં શીખે છે. તે કરતાં તેવા નાદાનો અથવા અજ્ઞાનોને પાપ સવાબના ખુલાસા વીગતવારે સમજાવેલા સારા કહેવાય. અલબતાં દરેક આદમ જાત જન્મે છે ત્યારથી પોતાની સાથે એક અંતઃકરણ જેવી ખુદાઇ ચીજ સાથે લેતું આવે છે. જે સદા માણસને સારે રસ્તે દોરવવાને બસારનો કરે છે. તોપણ સારી કેળવણી અને પુરતા ખુલાસા વગર માણસ ઘણું ખરૂં ઉંધું દોરવાવાને લલચાય છે એમ ઘણી વાર સંસારમાં આપણે જોતાં આવેલાં છેયે.

દુનિયામાં ઘણા મોટા ગ્રંન્થો મોટા ફીલસુફોના હાથના લખાયેલા ચોમેર હશે. પણ તેવાં સઘળાં અને મોટા લખાણો તો મોટાંઓજ વાંચી સમજી શકે. કે જેની સાથે સરખાવતાં આ મારૂં સાદુ લખાણ કે જેમાં મારા મનની અંદર અચાનક ઉપજી આવેલા નાના નાના વિચારો દર્શાવેલા છે. તે એક હસવા સરીખાં અને એક રમત જેવું પહેલી નજરે જોતાં

લાગશે. પણ બરાબર વીચાર કરી જો ખરૂં જોશો તો ખુદ દુનિયાનો પાયો એ પરજ રચાયેલો છે, જેનો માઠો યા સારો ઉપયોગ કરવાથી દુનિયાની તથા ખુદ માણસ જાતની ચઢતી પડતીનો આધાર છે તથા એજ ચાવીવડે મોડે યા વહેલે બેહસ્તનો દરવાજો ખુલશે યા દોજખનો દ્વાર ઉઘડશે. મારી મુખ્ય નેમ આ લખાણથી બચ્ચાંઓના કુમળાં ભેજાં પર સારી અસર થાય એમ છે માટે વડાઓને જો યોગ્ય લાગે તો પોતે પહેલાં વાંચી પોતાનાં બચ્ચાંઓને વંચાવવું.

માણસના મનની રચના.

માણસ માત્રમાં સારા યા નરસા ગુણોનો એક સંગ્રહ રહે છે. જે સૌ સૌના કુલની ખાસીયત તેમજ પોતાને મલેલી કેળવણી મુજબ તેના રૂપ દેખાડે છે તેમજ તેને સારી યા નરસી રીતે કેળવી શકે છે. જેના જેવાં ગુણ તેવા મનના વીચારની વળણ રહે છે. જે મુજબ કામ (કર્મ) ઉપજાવી તેના સારાં યા માઠાં ફલ એટલે પોતે કીધેલી કરણીનો બદલો. આવતા જન્મમાં યા તો થઇ ગયેલા જન્મમાં પોતે ભોગવતો આવ્યો છે. યા ભોગવે છે. યા તો ભોગવશે. જેને આપણે કર્મ અથવા નસીબના નામે ઓળખીએ છૈયે તે એજ. માટે આદમ જાતની પહેલી પોતા તરફની એ ફરજ છે, કે શોધી શોધીને પોતામાં જે અવગુણ માલુમ પડે તેને સુધારી તેના

બદલે એકેક સારો ગુણ પોતામાં દાખલ કરવો જોઇએ એમ કરતાં જ્યારે માણસ સંપૂર્ણ સારા ગુણોનુ થશે ત્યારેજ પરવરદેગારનો માનીતો થશે. અને તેઓ તરફની દરેક ઉમદા ઓમ્મેદોને આ કે તે જેહાનમાં મુરાદ મુજબ પુગી શકશે.

ગુણ અવગુણોની ટીપ.

માણસ જાતમાં વસતા ગુણ અવગુણોની જો આપણે ટીપ કરવા બેસશું તો તે એટલાબી મલ્લો આવશે. કે જેની ગણત્રી ગણતાં ગણાશે નહી. તોપણ તેમાંના અમુકની એકેક પછી નોધ લઇ તેની ખાસીયતો ત્થા તેમાંથી ઉપજતા સારાં યા માઠાં પરીણામો દર્શાવી ખરાબ ગુણોનો અટકાવ કેવી રીતે કરવો ત્થા તેનાથી ઉલટા સારા ગુણો આપણામાં કેમ દાખલ કરવા તેની સમજણ આપવાથી સારો ફાયદો થશે એમ ઉમેદ છે.

માણસ જાતમાં વસતા મુખ્ય અવગુણો.

અનિયમીતપણું	વીશ્વાસઘાત
આળસ	વેહેમ
અહંકાર યા અભીમાન	લોભ લાલચ

જુઠું	અસંતોષ
નીંદા	નાફર્માની
લડાઇ યા કંકાસ	બેપરવાઇ
મગરૂબી	બેવકુફી
અદેખાઇ	બેદીલી
ધીકાર	ક્રૂરતા
ક્રોધ યા ગુસ્સો	અપમાન
ચાડી યા ચુગલી	અપકાર
અધીરાઇ	ફાર
ઠપકો	નિરાશા
કંટાળો	કઠોરતા વગેરે.

માણસ જાતમાં વસ્તા સારા મુખ્ય ગુણો.

સંતોષ	સબુરી	હિંમત	મોટું મન
સંપ	નિયમીતપણું	કાળજી	લાયકી
માયા (પ્યાર)	દયા	દીલ	નીતિ
નમનતાઇ	હેશાન	ઉજમ	ઇમાનદારી
પરોપકાર	પ્રમાણિકપણું	યાકીન	માન
શુકર	ધીરજ	ફતેહ	
અશોઇ	સાધુપણું	આશા	સ્વતંત્રપણું
નરમાશ	મદદ	ઉલટ	નિરાંત
શાંતિ	હુશીયારી	અશોઇ અથવા	પત્નીત્રાઇ

સચ્ચાઈ	આશીર્વાદ	કરકસર	આવડત
ઉપયોગીપણું	વીવેક (મેનર)	સમો	સાવધપણું
ખરોડર યા ભય	શરમ અથવા	આંકોશ	મલતાવડાપણું
ખુશ સ્વભાવ	એકદિલી	એકત્રપણું	
યુક્તિ	અખાડા અથવા હયગઈ	સહેનશીલપણું	શોભા
ફરજ	આસાએશ	ધર્મ (બંદગી)	

નિયમીતપણું.

નિયમીતપણું એ સારા ગુણોમાંનો એક ઘણો વખાણવા લાયક ગુણ છે. માટે તે હું હયાં સૌથી પહેલો રજુ કરૂં છું. કારણ આપણે જોઇએ છીએ કે હરેક વાતમાં નિયમ પહેલો હોય છે. તે વગર બધું રદ છે. ખુદ દુનિયાં ખોદાતાલાના બાંધેલા નિયમ અથવા કાયદા પ્રમાણેજ ચાલે છે. જેમ કે સુરજ સદીઓથી ચોકસ વખતેજ ઉગે છે અને તેજ મુજબ ચોકસ વખતેજ અસ્ત પામે છે. એજ રીતે ચંદ્રમા, તારા, ઋતુઓ સો પોતપોતાનું કામ નિયમીત કર્યાં જાય છે, એજ બતાવે છે કે કુદરત આદમ જાતને પણ સૌથી પહેલાં નિયમીત થતાં શીખવા ઇચ્છે છે. કોઇ પણ કામમાં ફત્તેમંદ

ઉતરવા માટે નિયમ પહેલો જોઈએ વાસ્તે માણુસે પોતે પહેલાં પોતાની જીંદગી નિયમીત રાખવાની ટેવ રાખવી જોઇએ. તેમ કરવા માટે દીવસમાં સહવારને પહોર ઉઠવા સાથેજ માણુસે દરેકજણે પોતાના દરેક કામનો ટાઇમ બાંધેલો હોવો જોઇએ અને તે સૌએ પોતપોતાને ફાવતો રાખવો. પછી દરરોજ તે પ્રમાણે નિમેલે વખતેજ નિમેલું કામ કર્યાં જવું. અલબતાં અવારનવાર તેમાં ચોકસ અચાનક સંજોગોથી ફેરફાર થાય તે જુદી વાત છે પણ બને ત્યાં સુધી નિયમ જાલવવો. જો માણુસના રોજેતાના કામનું ધોરણ ન બંધાયેલું હોય તો તેને કાંઇ કામની ગુમ પડે નહી. ભલતેજ વખતે ભલતું કામ કરવાની આદત ઘણી ખરાબ છે. જેમ કરતાં કોઇ વાર કોઈ કામ હોંસમાં વધુ થાય છે ખરૂં. પણ તે કાંઇ કામનું નહી. કારણ તેજ વખતે બીજાં જરૂરનાં કામો જે તેજ વખતે થવાં જોઇતાં હતાં તે એમના એમ બજાવ્યા વગર પડયાં રહે છે. જેથી કામનો બોજો બીજી વખતે માથે ઘણો ચઢી જઈ માંહે અનેક ઘોંટાલા થવાનો સંજોગ રહે છે તેથી એક વાર નિયમીત કાયદાને અનુસરતાં થઇ તેને મક્કમપણે વળગી રહેતાં શીખવું જોઇએ. તો પછીથી ઘણું સહેલ થઈ પડશે. શરૂઆતમાં એમ કરતાં થોડો કંટાલો ઉપજે છે. આળસ આવે છે એ ખરૂં છે પણ જુઓ એક વખત તે અણુગમતુંબી જીવ પર જોરાવરી કરીને કરી જુઓ. અને તેની ખુશાલી તે કીધા

પછીજ લાગશે. અને પછી તો આદત પડવે તે કામનો વખત થતાં સામી તેની તલપ થશે ને એક વાર કંટાલો ઉપજેલો તેજ કામ વહાલું લાગીને તે કરવાની હોંશ છુટશે. ત્યારે સામા લોક જોઇ અજબ થશે કે કેમ આમ કરતાં કંટાલો કે આળસ નહી આવતી હોય ? ના નહીજ. કારણ જયાં નિયમીત કામ કરવાની ટેવ પડે છે ત્યાં આળસ જેવું કાંઇ લાગતુંજ નથી. ને ઓરબી ગમ્મત લાગે છે પણ જયાં અનીયમીતપણાની ટેવ હોય છે, ત્યાંજ માણસને કામ કરવું ભારી લાગે છે. માટે એ ઉમદા ગુણ મેહેનત લઇ જરૂર કેળવવો જોઇએ. જેની શરૂઆત સહવારને પહોરે સકાલે ઉઠી, મોઢું હાથ ધોઇ દાંત સાફ કરી તૈયાર થઈ બીછાનું પોતાને હાથે સરખું કરી ખોદાની બંદગીથી શરૂ કરવી. પછી એ પ્રમાણે દરરોજ નિયમીત કર્યાં જવું અને એકબી દીવસ બંદગીની શરૂઆત વગરનો શરૂ કરવો નહી. જેથી એક પછી એક દરેક કામ આખા દીવસમાં પોતાની મેલે અનુક્રમ પ્રમાણે થયાં જશે. તે ખબરબી નહી પડશે, એવી બંદગીની બરખત છે. ફકતજ અજમાવી જોવું જોઇએ કે એમ થાય છે કે નહી. અને તમે જોશો કે એમ કરતાં એવી જીંદગીમાં માંદગીનું તો નાગજ નહી ઉભું રહેશે. પણ સામી શરીરમાં નવી જીંદગી યા એક જાતની વિજળી ઉત્પન્ન થશે. અને તે પછે હર દીન તમારી ડાયરીમાં તમોને નવાંજ કામો ઉમેર્યાં જવાની હોંશ થશે અને તેટલીજ ઉલટ તે કામો એકેક પછી

નિયમીત બજાવાવતાં તમે જોશો. એવી રીતે દરેક બાબતમાં થશે. જેમ કે ખોરાકમાં તમોને નિયમીત રહેવા ગમશે. ફર હરવામાંબી તેમજ થશે વગેરે જીંદગીની ખરી મોજ જે નિયમીતપણામાં યા અંગ્રેજીમાં જેને (system) કરીને કહીયે છીયે તે દ્રઢતાથી બજાવવામાં સમાયેલી છે એમ જોશો. જેનું ઉત્તમ સુખ એક વખત ભોગવતાં થશો એટલે જીંદગીની ખરી કદર બુજતાં શીખશો અને એ રીતે જીંદગી સારી રીતે ગુજારશો યા તો ખોદા ના કરે ને કોઇની બેતાલ થયેલી જીંદગી હશે તો તે પણ એજ રીતે સુધારી શકાશે પછીજ માલમ પડશે કે જીંદગી એ ઘણીજ ઉત્તમ ચીજ છે પણ તે ભોગવતાં આવડવી જોઈએ. જીંદગીએની ખરી રીતે ગુજા-રવાથી આત્મા ચોખ્ખો થઇ પરમેશ્વરને કોઇ દહાડેબી મલી શકશે. ખાલી ખાવા પીવાની અને એશ આરામની જીંદગીથી તો માણસ થોડાજ વખતમાં ધરાઇ કંટાલી જશે. પણ ઉપર લખેલી નિયમીત જીંદગીથી તેમ થશે નહી. ઓર ઉલટમંદ થવાશે કે જયારે આ દુનિયામાં સારી રીતે ચાલવાથી આટલુ સુખ લાગી શકે છે ત્યારે એના ફળ તરીકે આગલ ઉપર તે જેહાનનું તો કેટલુ જાદા સુખ હશે એ મેલવવાની દીલમાં ઉમેદ બંધાય છે. અને તેની ભલી આશામાં સીધોજ રસ્તો આ દુનિયામાં કપાય છે જેનું છેવટ અલબતાં સારૂંજ આવવું જોઇએ એમ આપણને ખુદરતી આગાઇ કહે છે. નિયમ દરેક ચિજમાં મુકવા માટે પહેલું તો આપણું પોતાનું ઘર નિયમમાં

રહેવું જોઈએ, જેમાંની દરેક ચિજો કાયદાસર તેની જગાએ બંધબેસતીજ ગોઠવાયેલી હોવી જોઇએ અને તેજ મુજબ રીતસરજ વપરાવી જોઇએ. અંગ્રેજીમાં કહેવત છે કે (Place for every thing & every thing in its Place)–જે નિયમ ઘરમાં રાખેલો ઘણો સગવડ ભરેલો છે. કારણ જો તેમ ન કીધું હોય તો ઘરમાં નાની નાની ચીજની શોધખોળ અને ગોઠવ ગાઠવમાંજ માણુસનો જો મોટો વખત રોકાઇ જાય જે બરાબર નહી કહેવાય. કેમકે વખત જેવી અમુલ્ય ચીજ આવી રીતે વ્યર્થ જાય તો કામ શું ઉગજે ? જે માટે પાછળથી ઘણું પસ્તાવું પડે તેમ નહી થાય માટે ચેતીને ચાલેલું સારૂં આવા આવા બીજા અનેક સારા ગુણો ધરાવનારો માણુસ આ સૃષ્ટીના ખરા સાધુના નામે ઓળખાવો જોઇએ યા તે જેહાનના ફિરેસ્તાને મળતું કહીએ તો ચાલે માટે ખરી રીતે સાધુ શબ્દ કેવાને લાગુ પાડી શકાય તે બાબત તરતજ નીચે આપશું. બીજું યાદ રાખવું કે એવાં નિયમીત આદમી પોતાના જાતિ દાખલા અને ખંતથી આજુબાજુના ઉપર પણ પોતાની ભલી નિષ્ટાથી તેવીજ સારી અસર ઉપજાવી મોડે વહેલે તેવાં બનાવી શકે છે એ કેટલું બધુ કહેવાય.

સાધું.

સાધું અથવા (સાધારણ માણસો કે જે લોકનું ઘણું ખરૂ ધ્યાન પોતાના સંસારમાં રોકાએલું રહે છે) તેના કરતાં જુદી ખાસીયત ધરાવતુ એક માણસ કે જેનું ધ્યાન દુનિયાઇ લોભ લાલચ કરતાં ફકત ખોદા તરફજ વધારે ઢળેલું હોય છે. જેમ કરવું એક તો ઘણુંજ કઠણ છે તેમજ સઘળાંથી તે નહી બનવા જોગ છે માટે ફકત ભગવાં કપડાં પહેરી દુનિયાં તજીને એકલપેટા થઇ બેસે અને કુદરત તરફથી આપણે માટે નિમેલી ફરજો ચુકી ફકત બંદગીજ કર્યા કરે તેમાં હું નહી ધારતી કે કુદરતની ખરી મરજી હોય. ખરા ધ્યાનની થોડી બંદગીમાંજ જે ખરો રસ્તો સુજે તે પ્રમાણે વર્તવું જોઇએ. માટે મારા વીચાર મુજબ હું ખરો સાધું તો તેને કહું કે જે દુનિયામાં રહી તેમાંની લાલચો તરફ નહી ખેંચાતાં પ્રમાણીક ફરજો ખોદા તરફની જે ઉતારવામાં આવી હોય કે જે આપણા પોતાના તેમજ આજુબાજુના તરફ આપણે બજાવાની હોય તે કરવા ગમે કે ન ગમે તોપણ મુંગે મોંઢે ને ખરાં મનથી બજાવવી. ખોરાકમાં સાદાઇ ધરાવવી તથા તેમાં સ્વાદ કરતાં તંદુરસ્તીને રૂચતું અને બને ત્યાં તુલીક ગોસ મચ્છી, ઈંડાં, તેમજ કેફી વસ્તુઓ વીગેરેથી પરેજ રહી ભુખ જેટલુંજ ખાવું યા કોઇ વાર બને તો સહેજ ભુખ્યું રહી અપવાસ પણ પાળ્યો હોય તો હરકત નથી ઓર ફાયદોજ

છે. ઘણા સ્વાદીષ્ટ મિષ્ટાનોથીજ પહેલાં તો મન તથા તનને હાની પુગે છે અને તેથીજ કરી ચીત્ત ચપળ રહેતું નથી. પહેરવેશ પોતાની ગુંજાશ મુજબ શોભે એવો સાદો અને સાધારણ કીંમતનો પહેરે કારણ કોઈબી વાતે પૈસો કે વખત બગાડવો એ નારવાજ છે. અને સૌથી વધારે અગત્યનું તો એ છે કે જે માણસ પોતાના સ્વભાવ ઉપર કાબુ ધરાવતો હોય તે ખરો સાધું કહેવાય મતલબ કે જેનું મન સાધું હોય તેજ સાધુ કહેવાય પછી ગમે તે જગ્યાએ રહે યા ગમે એવા મંડળમાં ફરે કારણ સંજોગને આધીન થઇ માણસથી પોતાની મરજી પડે ત્યાં રહેવાતું નથી માટે સમજી વીચારીને જેમ વ્યાજબી હોય તેમ કરવું જોઈએ. મન સ્થીર રાખવું સમો સંભાળી દરેક વાતમાં મધ્યમ રહીને ચાલવું એકજ બાબદ ઉપર ઢળવું નહી એ ખરી રીત છે ખરૂં સાધુઇ મન ખોદાતાલા તરફ પુર ઇતબારથી ભરેલું હોય છે માટે તેને દુનિયામાં બનતી દરેક ચીજ યા બનતા બનાવોમાં સંપૂર્ણ વિશ્વાસ હોય છે કે ખોદાતાલાને સઘલું રોશન છે. અને તે સર્વની ફીકરનો રાખનાર છે તેણે જેમ ધાર્યું હશે અને જેમ ઘટશે તેમજ કરશે. એવા વીચાર ફક્ત અખત્યાર કરવાથી તેનું મન નીરાંત રહે છે. અને હજાર જાતની ધાસ્તી ફીકર તથા અંદેશાઓ મનમાં આગમજથી લાવી પોતે દુઃખી થતો નથી યા બીજાને કરતો નથી પોતાના મનને ડગમગતું રાખતો નથી દુઃખ દરદથી ડરી યા સુગાઇ ખરી વખતે

બીજાઓથી દુર નાસતો નથી કે રખે પોતાને થાય. પણ બનતી સાવચેતી રાખી હીંમતથી પોતાનું ધાર્યું કામ કર્યો જાય છે જેમ કરવાથી દરદીઓનું દીલ જીતે છે. દુઃખીના દીલને દીલાસો આપી શકે છે અને એ રીતે પોતે પુણ્ય હાંસલ કરી સામાનું દીલ નહી દુખવતાં તે લોકને રાજી કરી શકે છે એ થોડી આશીરવાદની વાત છે ? પરોપકાર કરવાથી છેવટે જે ખરૂ સુખ જે મનની શાંતી અને સંતોષમાં છે તે પેલોજ ભલો માણસ મેલવી શકે છે એ રીતે ભલાં થવાથી ભલાઇનો બદલો ભલાઇમાંજ મલે છે. એ મોટી વાત ધ્યાનમાં રાખવાની છે, કારણ એવા અવાજ રસ્તાઓથી આપણને ખોદા મળી શકે છે જે સાધુ લોકનો મૂલ હેતું છે. તમ એક સંસારી આદમીને જોશો તો તે તેના વીચારથીજ કામ લેશે. દરેક કામ માટે હદથી જયદા કાલજી કરશે જાણે બધું પોતે ધારશે અને ઇચ્છશે. તેમજ બનવાનું નક્કી માની લઇ મનને ખાત્રી રાખી બેશશે, કારણ તેનું એવુંજ માનવું છે જે આપણા કીધાથીજ બધું થાય છે તો ત્યાં તે પોતાની ભુલ ઘણા દાખલાઆ ઉપરથી જુએ છે તે એમ કે જો ગમે એટલીઆ મેહેનત અને જેમ ઉઠાવ્યા છતાં અને આશા રાખવા છતાં ચોકશ ચીજો અને બનાવો જેમ થવાના હશે તેમજ થશે માટે ડાહાપણ ત્થા વીચાર રાખી કુદરત ઉપર ઘણી ચીજ પુરી એકાનથી સોપવામાં ઘણુ ખરૂં પરિણામ સારૂંજ ઉપજશે. આપણે તો ખરાં દીલથી

મેહેનત કરવાની છે. બાકી ફલ તો કર્મમાં લખ્યું હશે તેટલુંજ તે માલેકની મરજી મુજબ મલશે ને આપણને જે બદલો મલવાનો છે તે તો કેવાં દીલથી કીધુ તેટલોજ મલશે. ઘણી વાર કોઇ કોઇનું ભુડું ઇચ્છી કાંઇ કરવા જશે પણ તેમાંથીજ પેલાના કર્મે તો તેનું આને હાથેજ સારૂં થશે તે છતાંબી તે માણુસનેતો તેનો ઘટતોજ બદલો મલશે. જે પહેલું તો પોતાના અંતઃકરણના ડંખથી હયાં શરૂ થશે એટલે કે તેના ધારવા કરતાં ઉલટુ થયેલું જોઇને તે પોતે જલશે. છતાં ફરજીયાત તેને સામાંની ખુશાલીમાં ભાગ લેવો પડશે એજ મોટું દુઃખ તેને થશે. તેમજ મોડે વહેલે પોતે ગમે એટલી વડાઇ તે સારા કામની કરશે પણ પરવરદેગારને તે રોશન હોવાથી તેઓને તે કબુલ નથી એવાબી દાખલા દુનિયામાં બની શકે છે એજ રીતે હવે બીજા હાથ ઉપર લેઓ કે એક માણુસે ખરાં અંતઃકરણથી એકનું સારૂં ચાહી તનોમનથી મેહેનત કરી તેને વાસ્તે કામ બજાવ્યું પણ તે લોકની ધારણાથી ઉલટુંજ નીવડી બગડયું અને ઓરબી તેને હાથે તો ભલું કરવા જતાં પેલાને તો જન્મ ભરનું દુઃખ થયું તે છતાંબી કીરતારે તો તેની મેહનત પીછાણી છે જેનો બદલો મોડે વહેલે જરૂરજ તેને આપશે તે સાથે જેનું કામ બગડયું છે તે પણ જો સમજું હોય તો તેની વીચાર શકતી દોડાવાથી મોડે વહેલે સમજી શકે છે કે જે થયું તે પોતાના કમનસીબેજ થયું છે કારણ આદમ જાત કશું ઉપજાવી

શકતું નથી એમ ખાત્રી થવે તેને દોષ દેવું નથી પણ મોટા મનથી તેની સાથે વેર નહી રાખતાં પાછું મલી જાય છે અને એ રીતે એક બીજા તરફ સારાં માન અને સારી લાગણીથી વર્તે છે જેમ કરતાં એકએકના વધારે હેશાનમાં જઈ સારા કામો બજાવવાની પાછી તક શોધી સંતોષ પામે છે સંતોષ જે ખરૂં સુખ છે તે તે માણસને તો આખરે મલે છે. જયારે આગલા દાખલામાં તેમ નહી થતાં તેઓ બેઉ એક બીજાનું દીલ પામી જઈ સામું ભલુ થવા છતાં પણ અળગાં થઈ હંમેશના છુટાં પડી અંતરનું ખરૂં સુખ હાંસલ કરી શકતાં નથી એવી બારીક બારીક બાબદોની પરીક્ષા તથા અનુભવો સાધુઈ મન શોધતું રહે છે જે વાત પર કેટલાકો કાંઈ પણ ધ્યાન નહી આપતાં હોય પણ જેમ એક રંગની અંદર જાત જાતના 'શેડસ' હોય છે તેમ ગુણ અવગુણોનીબી ઘણી બારીકીઓ સમજવાની છે તો તે પુરો માણસ કહેવાય.

જેમ માણસ ઉપર ઘણું દુઃખ પડે છે ત્યારે તે ઘડાય છે કે જેમ કે એક માટીનું વાસણ ટીપાઇ ટીપાઇને સારો આકાર લે છે તેજ માફક માણસે દુઃખથી ગભરાઇ ન જતાં ધીરજથી જેમ સહન કરે તેમ વધારે સુધરી સારો માણસ બને. એક સાધુ જંગલ બીયાબાનમાં ભયંકર રાત્રીએ વાઘ વરૂ તથા સાંપના ડર છતાં ખોદાના નામ ઉપર એકલો બેસે એ કાંઇ થોડી વાત છે ? અને જાત જાતના દુઃખ હાંપેસાઓ

ખમી તાપ તડકા ભુખ વેઠી મન અને તનને કઠણ કરે છે. તેભી ઘણુજ વખાણુવા જોગ છે એ કાંઇ બધાંથી બને ? જેને ખોદા પર પુર ઇતબાર અને તેવા સંજોગો હોય કે પોતાના ઘરની ફરજો પુરી થઈ હોય યા માથે ન હોય તેનાથી થાય. છતાંભી જો એક તેવા સાધુ આદમીના દીલમાંથી અભીમાની જે સર્વ પાપનું મૂલ છે. તેમજ ક્રોધ તથા કોપ કોઇ કોઇનામાં આમેજ રહેલું જોવામાં આવે છે તો તે લોકની તપસ્યાયે શું કીધું તે સમજ પડતી નથી કહે છે ની કે બા સાધુના શ્રાપ ઘણા ખરાબ. તેથી જો તેનામાં રાગ દવેષ રહયો હોય તોજ તે નારાજ થઇ શ્રાપ દે બાકી તેનું મન મોટું હોય તો તે ગમનેભી ખાઇ જાય અને ભુંડાનું બી ભલું ઇચ્છી તેને આશીર્વાદજ દીએ કારણ ઇનસાફ ફકત ખોદાનાજ હાથમાં છે. આપણને ગમે એવુંભી કોઇએ દુ:ખ પાડયું હોય તેનું જરાભી ભુંડુ થાય એવું ઇચ્છવાનો આપણને હક નથી યા તેવું થયેલું જોઇ ખુશી થવાનું નથી તો તે મન સારૂં ઉંચ નહી પણ હલકું કહેવાય સાધુ થવાની મૂલ મતલબ દીલમાંના દરેક અવગુણોનો નાશ કરી પોતાના ખરાબ સ્વભાવ ઉપર આંકોશ મેલવી તમામ ભલા ગુણો અખત્યાર કરી મન ચોખ્ખું કરવું તોજ તન બલવાન રહે. અને મન તથા તનની શક્તી સાથે વધે જેને આપણ ઈંગ્રેજીમાં (Good will Power) કહી શકીયે, તેમાં જો કચાશ રહે તો સાધુ બનવાની આટલી જેહમતો શા ખપની ! જીવ ઉપર

જુલમ કરવો સંસાર સુખનો ત્યાગ કરવો, એવી એવી સખ્તાઇથી સાધુ થવાનું સારૂં છે કે આપણા પારસી ધર્મમાં તો ફરમાનજ નથી સામું પાપ ગણેલું છે ત્યારે શું આપણે તેમ કીધા વગર પરમેશ્વરને નહી પોહોંચી શકીએ ? તેમાં જો ખેરાં માણસો હોય તો તે લોકની તો તે ભલી ઇચ્છા તેમનાજ મનમાં રહે ! અને નવે જન્મજ હોંશ પુરી પડે તેજ જાણવી ! કદાચ પેલા સાધુ લોકને પોતા પર પુરો વિશ્વાસ નહી હોય કે રખે સંસારમાં રહી તેની લોભ લાલચોથી તેમાં ફસી પોતાની આશાને કોઇ દીવસે નહી પુગે એમ માની તેથી દૂર જઇને બેસતા હોય. પણ તેમ કરવે કાંઇ ખોદા મલે છે ? ખોદા તો આપણી પાસેજ આપણા અંતઃકરણમાંજ છે. જે હર પળે તે આપણુંને દોરવે છે તેમ આપણે સીધે સીધે રસ્તે ચાલવાનું, તો જન્મારો પાર ઉતરી જવાય. દરેક ચીજ એક દાદરની સીડીના માફક તેને તબક્કે તબક્કે ચડાય છે, નહી કે એકદમ ચઢવા જઇએ તો પુરાં ગુંચવાઇ જઇ, હોયે તેના કરતાં પણ નબેતર સ્થિતીએ પુગીએ, માટે એ પણ એક શોધ અને વિદ્યા એવી છે કે જેનો આસ્તે આસ્તે ભેદ કાઇ દહાડોબી પામીશું. પણ મને તો તેનો ખરેખરો એકજ માર્ગ માલમ પડે છે કે રાસ્તિ અને નીતિને માર્ગેજ ખોદા મલશે. અને તે જો એક વાર પુરેપુરો મલ્યો તો માણસની બીજી શું આશા આ દુનિયામાં રહી ? કાંઇજ નહી બધું મલી ગયું. જેને ખોદા મળ્યો તેને સૌ કાંઇ મલ્યું છે. કારણ તેજ સૌ

ચીજનો આપનાર છે. અને સૌનો ખોલાસાનો કરનાર છે માટે તેનેજ અંતઃકરણમાં મલો અને તેનેજ બધું પુછો. જે જોઇશે તે જવાબ તમને મલશે. ને જે માગશો તેબી મલશે. ફકત ધીરજ જોઇએ ને ખરે રસ્તે ચાલવું જોઇએ. એટલે બેડો પાર જાણજો. બીજું એટલું જરૂરયાદ રાખજો કે જયારે કાંઇબી ભલું અહુરમજદી કામ તમો કરવા જશો ત્યારે ઘણું ખરૂં પહેલાં તમને એક ખરાબ શકતી કે જે (અહરેમનની છે) અને તે અહુરમજદના દરેક શુભ કામની વચ્ચે ફાંદો નાખવાવાલી છે તે તમને સતાવશે હેરાન કરશે. અને તમારા ભલા કામમાં નડતર નાખી તે કરતાં તમને અટકાવશે. એ રીતે એક રાસ્તીને માર્ગે ચાલનાર માણસને શરૂઆતમાં ઘણું દુ:ખ પડે છે પણ તેજ વખત છે કે જયારે ડરી નહી જતાં હીંમત રાખી ખોદાને યાદ કરી તેની મદદ માગવાનો છે પણ તે કયારે યારી આપશે કે તમો હર પળે ખોદાનું નામ મોહો ઉપર રાખનાર હશો તો તમો હીંમતથી તેની મદદ માગી શકશો નહી કે ગરજની વખતેજ યાદ કરશો. ને પછી ભુલી જશો તો તમારૂં પહેલું તો એકીનજ એટલું મજબુત નહી રહેશે, બાકી તે સાહેબ તો પાપી અને સવાબી બેઉને એકસરખાં ચાહે છે અને તે લોકને ગરજની વખતે સદા સાહાય થવા તૈયાર છે. પણ આપણને ખબર નથી કે કયે વખતે ખોદાનું કામ પડશે માટે સદાજ તેના દાસ થઇને રેવો ખોદા તમારોજ છે માણસ બેઇમાન છે પણ ખોદા તો

સદા બંદાના સુખ દુઃખ વખતે પોતાની કીમતી મદદ જો ખરા મને અને કાલાવાલાએ માગી હોય તો બધા તકસીર માફ કરી આપવાને તૈયાર છે.

આમીન.

ખુલાસો.

કયા સારા ગુણનો હરીફ કયો અવગુણ છે તે એકેકની જોડમાં મુકવાથી વધુ સમજ પડી શકે એમ છે માટે ગુણ અવગુણની ટીપમાં લખ્યા મુજબ અનુક્રમ પ્રમાણે એ વિષયો ચોપડીમાં દર્શાવ્યા નથી તે મહેરબાનીની રાહે માફ કરવું નસીબ એ ગુણ નથી એમ જણાવવાની રજા લઉં છું. છતાં એ ગુણ અવગુણના સંબંધમાં ભાગ બજાવે છે માટે લખવું જરૂર પડે છે, તે જાણુશો. કારણ જુગતે જુગતાં લખાણ મુકવાથી તેનો ભાવાર્થ વધારે મનમાં ઉતરી શકે છે.

અદેખાઇ.

અદેખાઇ યા કોઇનું સારૂં જોઇને બળવું અથવા આપણાથી વધુ સારૂં જોઇ સાંખી નહિ શકવું તેનું નામ અદેખાઇ, એ એક ઘણોજ ખરાબ ગુણ છે કે જેનો ભોગ થયેલું આદમી યા જેમાં એ બુરીટેવ હોય છે તે માણસ

પહેલાં તો પોતેજ એ પોતાની ખરાબ આદતથી જેમ મીણ-બત્તી બળીને તવાય છે તેમ પોતાનું કાળજું પહેલું બળીને એવડું થઈ ગયેલું પોતેજ જુએ છે જેનું દુઃખ તેને પોતાને સહન કરવું પડે છે વળી બીજું તો તે ઇન્સાન ગમે એટલું પોતાનો એ અવગુણ ખરાબ છે એમ સમજીને છુપાવે છે, છતાંબી અદેખી આંખ્યો કોઇનીબી નજરથી છુપી રહી શકતી નથી, થોડાજ વખતના સમાગમમાં તે આદમી તેની ચાલચલગતથી તથા તેની પોતાસાથે વર્તવાની રીતભાતથી ઝટ ચેતી જાય છે કે આ માણસ અદેખું છે એટલે તેના ઉપરનો સામ:નો વિશ્વાસ ઉઠી જાય છે કે રખેને કાંઇ તે અદેખાઈને માર્યુંજ ટીકા કરતું યા બોલતું હોય વગેરે અને એ રીતે કુદરતી સર્વે કોઇ તે માણસને ધિકકારતાં શીખે છે. તેમજ તેનાથી હર બહાને બીહને દુર નાસે છે કે રખેને તે અદેખાઇનું માર્યુંજ કાંઇ આપણું બગાડી નાંખે વિગેરે, એવું ધારી તેને કોઇ કાંઇ ચીજ સોંપતું નથી વળી કોઇ પોતાના બચ્ચાં તેને સોંપે નહિ તેમજ તેનાં વહાલાંઓએ પણ સીધી વાત કરતાં ડરે છે કે રખેને કાંઇ અદેખાઇનો માર્યો કજીયો જાગે યા માથે કંકાસ આવે વિગેરે જેમ સાંપથી સૌબીએ તેમ તે આદમીથી બીહીને સૌ દુર નહાસે છે જેમાં આયંદે ગેરફાયદો અને નુકસાન તેમજ હીણસપતી તે અદેખાંનેજ લાગે છે કે જેનું ફળ પોતે મનમાંજ પામી જયારે પસ્તાવા માંડે છે ત્યારે વળી તે પસ્તાવાના ડંખનું એક બીજું નવું દુઃખ તેને

ઉત્પન્ન થાય છે તથા પરવરદેગાર તરફથી તેની વળી શિક્ષા ભોગવે છે તે જુદી કારણ ખોદાતાલાતો બદામે બદામનો હીસાબ રાખે છે તેમજ પાપી યા નેક એઉ બંદાને એક સરખાંજ ચાહે છે તેથી પોતાના પાપી બંદા માટે ઘણા દીલગીર થાય છે અને તેને સુધારવાના માટે હરકોઇ શિક્ષા આપી તેમને ઘણી મહેનત પડે છે બીજુ‌ં આજુબાજુનાં રંજ પામે છે માટેજ તેનું નામ પાપ તેથી એ કાતેલ ગુણ આપણામાં સેજબી ઉભરી આવતાં તેનો અટકાવ કરવા માટે તરત દિલમાં વિચાર પુગાડવો અને આપણાથી ઉતરતી પંકિતના તરફ નેગાહ પહોંચાડી જોશું તો આપણને માલુમ પડશે કે નહિ, આપણી હાલત તો તેઓથી તો બેશક વધારે ચઢીયાતી છે એમ દેખાતાં સાથેજ આપણામાં સંતોષનો શુભગુણ પ્રસરશે અને તે નેક ગુણ આપણામાં દાખલ થતાં સાથેજ આપણામાં એક એવી લાગણી ઉત્પન્ન થશે કે તેની પાકબરકતથી આપણે પછી ઇચ્છવા માંડીશું કે ભલે પરવરદેગાર સૌનું હોય તેથી પણ જયાદા ભલું કરો અને તેની સાથેજ અદેખાઇનો કાતેલ ગુણ આપણાથી દુર હટીને નાસશે માટે સંતોષનો ગુણ નીચેજ ટાંકશું.

એક અદેખાઇ બીજા હજાર અવગુણો ઉત્પન્ન કરી શકશે જે માટે જેટલું લખીએ તેટલું થોડું છે. અદેખાઇ આદમીને અસંતોષી બનતાં શિખવે છે જેમ થતાં તેને કશામાં ઉલટ રહેતી નથી અને દરેક ચીજમાં તે બળાપો

કરવા મંડે છે. અને એમ કરતાં છેલ્લે તદન નાસીપાસ થઇ પોતાની જીંદગીથી કંટાળવા લાગે છે અને એ રીતે પોતાના નસીબનું જે, ખરૂં સુખ હોય છે તે પણ ખોઇ બેસવાની નાદાનીએ પુગે છે માટે એથી ઉલટોજ એક નેક ગુણ જે સંતોષ અને સબુરી છે તે ભલા ગુણથી થતા ફાયદાની ખુબી નીચે સમજાવીશું. તે પહેલાં એક બીજા બે બોલ અદેખાઇ વિષે બોલીશ તે એ કે આદમીએ બીજું તો નસીબમાં યકીન રાખતાં શીખવું જોઇએ તો તેથીજ તેને સંતોષ ઉપજી શકશે એટલે એમકે તે આદમીએ સમજવું જોઇએ કે કોઇબી માણસ પોતાના હક ઉપરાંત સુખ યા દુઃખ ભોગવી શકતુ નથી એટલે પછી અસંતોષી થવામાં શું માલ? અને અદેખાઇ કરે હાંસલ શું થાય? એ તો જેમ જેણે આગલે જનમ કરણી કીધાં હોય તેમ તેને બદલો તો મળવોજ જોઇએ. માટે આપણી ઇચ્છાથી બીજાની હાલતમાં કાંઇ ઝાઝો ફેર થઇ શકે નહિ તેથીજ આપણે તો આપણી મહેનતમાં આગળ વધતાં કદી અટકવું નહિ પણ ખોદામાં પુરો વીશ્વાસ રાખી આગળ ઉપર હજી સારૂં ઉપજવાની આશામાં ભલાઇથીજ, વર્તી આગળ વધ્યાજ કરવું. તો જરૂર સારૂં ઉપજવાનાં ચિન્હ માલમ પડશે માટે નસીબ શું ચીજ છે તેબી ભેગુંભેગું આગળ ચાલતાં દર્શાવીશું.

સંતોષ અને સબુરી (૧)

દુનીયામાં તમામ સુખોમાં સૌથી ઉત્તમમાં ઉત્તમ સુખ સંતોષ અને સબુરી, છે એમ ડાહયા માણુસોનુ માનવું છે કારણ સંતોષ ધન બરાબર એકકે ધન, છેવટમાં આદમીને મન ઉમદા સાબેત થયું નથી એમ નકકી માનવું માટે સૌથી ડાહયો માણુસ તો એ છે કે જે તેની તૃશણા ધરાવતું હોય માટે ઇન્સાન કબુલ કરશે કે તે સારૂં છે પણ તે મેળવવું કેમ? તો જાણવું જરૂર થઇ પડશે કે જેમ એ ચીજ સૌમાં ઉંચ છે તેમ તે મેળવવીબી તેટલીજ કઠણ છે જો એક માણુસ જેમ જન્મથીજ પૈસા લઇને જન્મે છે તેમ સંતોષ અને સબુરી લોહીમાંજ સાથે લઇને જન્મ્યું હોય તો તે ખરૂં નસીબદાર જાંણવું. પણ બિલકુલ જો તે વગર હોય યા ઘણા થોડા પ્રમાણમાં એ ગુણ ધરાવતું હોય તો તેણે પોતા માટે નીચે લખેલો રસ્તો અજમાવવો જોઇએ જેમ દરેક ચીજ પરવરદેગારને બંદગીને રસ્તે આજીજી કરવાથી તથા તેમાં પુરતો યકીન રાખવાથી મેળવી શકાય છે તેજ મુજબ એ ગુણ પણ આપણામાં મેળવી શકાશે કારણકે દુનિયામાં કોઇ-ચીજ એવી નથી કે જે પરવરદેગારની મહેર ઉતરે તો ન મળી શકે માટે માણુસ જાતે પહેલું તો તે કામમાં તે કીરતારની મહેર ઉતારવા માટે ખરા દીલની બંદગી ચાલુ કરવી અને તેમાં પુરો વિશ્વાસ મૂકવો કેમ જે ખોદાની મહેર વગર કોઇબી ચીજની બક્ષેસ મળે નહિ યા મળેલી બી ટકે નહિ.

તેમજ એમબી નહિ સમજવું કે ચાલો બંદગી કીધી ને બક્ષેસ મળી ગઇ. નહિં, બંદગી પછી પહેલી, એ બક્ષેસ મળે કે જેનાં બળથી પહેલાં તો કાંઇ રસ્તો દેખાય. યા ખરી સમજણ તે કામ પાર ઉતારવાની પડે માટે ખોદાપાસે પહેલું તો એ માગવું કે પરવરદેગાર કાંઇબી બાબતમાં ખરો રસ્તો શું તેની ખરી સમજણ પાડે. પછી આપણે તો તેમાંથી જેમ કુદરતી આગાહીથી મનમાંને મનમાંજ ખુલાસા મળતા જાય તે મુજબ સાધે અને સીધે રસ્તે ચાલ્યા જવું તો તેનાંથીજ ખરૂં સુખ મનને હાંસલ થશે તેનું નામ સંતોષ અને સબુરી છે.

સંતોષ અને સબુરી (૨.)

જો દીલે સંતોષ હોય તો ઇન્સાન બહારની આંખે દેખાતો ગમે તેવો ગેર ઇન્સાફ મુંગે મહોંડે સહન કરી શકે છે અને તેમ કરતાં તેને ઘણી સબુરી અખત્યાર થાય છે. કારણ સમજણ કે જેનાથી એ ઉત્તમ ગુણ તે ધરાવતો હોય છે તેની મદદવડે પેલો માણસ પોતાના મનમાં ખ્યાલોથી પોતાના મનને ખરાં કારણનો ખોલાસો કરી શકતાં મનને સમજાવી શકે છે જેથી તેનું મન પોતાની સાંમે નહિ થતાં ખુદા તરફનું યકીન કે જેની ગેબી શક્તીથી આ દરજજે તે પુગેલો છે તે પુરતું રાખી મનને સમાધાન રાખી શકે છે અને તેની

બરકતથી ઘણી ધીરજ રાખી અણુહદ દુઃખ સહન કરી શકે છે તેજ ખ્યાલથી તેને શુગર ઉપજે છે અને એ રીતે તેનું મન પવિત્ર ખ્યાલો કે જેને આપણા ધરમમાં નેક મનશનીને નામે ઓળખીએ છીએ તેની અણુહદ મજાહ મેળવી શકે છે. તથા કોઇ પણ જાતનું દુઃખ યા ગરીબાઇથી તે માણસ ડગમગતું નથી. પણ હિંમત રાખી યકીન મજબુત રાખી દુઃખમાંથીબી ધીરજ રાખી પોતાનો રસ્તો સહેલો કરવાનું શોધી શકે છે. અને તેમાં પણ સબુરી માંની રહે છે. અને જયાં સબુરી છે ત્યાં મન આનંદમાં હલકું અને ખુશખુશાલ જાણવું. હવે બીજા હાંથ ઉપર તમે જોશો કે એક માણસને દુનિયાનું જે માંગે તે સુખ મેળવવા છતાંબી હૈડે સંતોષ ન હોવાથી ખરૂં સુખ લાગતું નથી. તેનું કારણ કે તેણે એક સુખ મેળવ્યું અને તે ભોગવ્યું એટલે તેનાથી ધરાઇ જઇ તરત તેથી ચઢીયાતાં બીજા સુખની આશા કરે છે. તે બી મલે છે એટલે ત્રીજું જોઇએ છે. એમ કરતાં હજારો જાતનું સુખ મળે છે પણ તેનો જીવ ધરાતો નથી. પણ કંઇ વધુ અને વધુ તેને જોઇતુંજ રહે છે. જે જયારે નથી મળતું ત્યારે વલી ઘણું અસંતોષી બની જાય છે. અથવા તો જો આવેલું સુખ નસીબ સંજોગે હાથમાંથી જતું રહે છે ત્યારે તો તેના સંતાપની હદજ રહેતી નથી. તે બધું કારણ ખરી સમજણની કોતાઇ છે. કારણ તે જો જરા ખરી સમજથી ધ્યાન પુગાડે તો તેને તરત

ાલમ પડે કે દુનીયામાં શું સુખ કે શું દુઃખ સદાકાળ હેવાને માટે સરજાયલુંજ નથી. અને કદાપિ જો એમ ામજે તો બી તેનો જીવ કયાં માને છે ? તે થોભતો નથી. ારણ સબુરી રાખવાની તેને પહેલાંથીજ ટેવ પડી નથી. ાટે લોભી થઇ ગયેલા જીવને થોભ આવતાં હવે ઘણી ુશ્કેલી પડે છે અને જેમ પૈસા મેળવવા એ મુશ્કેલ ચીજ ે તેથી બલકે ઘણે દરજજે સારા ગુણોનો સંગ્રહ એકઠો રવો એ મુશ્કેલ છે. પણ એક વખત જો આપણો કાબુ ાપણા જીવ ઉપર મજબુત અને સંપૂર્ણ આવી ગયો તો લદીથી તે ખોઇ શકાવાનો નથી એટલે કે એક ઉંચે રજ્જે ચઢેલા અને સુધરેલા આત્માને પાછો બગડતાં ઘણી ાર લાગે છે યા કાંઇ મોજુદ કારણ વગર બગડશે નહી. ણ પૈસા તો આવેલાબી એક લેહજામાં જતા રહે છે ાટે જો સારી સમજણ હશે તો તેનાથી જતા રહેલા ાસાબી પાછા મેળવાશે. યા તો હશે તો સચવાશે અને ો ન હશે તો તે વગર બી સમજીને સારી રીતે રહેવાશે. ાટે ભલાં વાંચનારાંઓ નક્કી માનજો કે મોટા રૂપિઆનુંબી હેવું છે કે સંતોષ ધન બરાબર દુનીયામાં એ કે ધન ાણસ જાતને મન સાબેત થયું નથી. માટે તે મેળવવાને ાથા સંઘરવાને બને એટલી મહેનત કરજો. તેમાંથીજ તમો ે માંગશો તે ધન પછી ધીરજ અને વખતના સમાથી ેળવી શકશો. તથા થોડામાં ઘણું સમજીને રહેતાં શીખશો

તથા જયારે હાલત તમોને કોઇબી વાતે એટલે કે પૈસા ટકે માલ બચ્ચે યા રંગ રૂપે અસુખી લાગે ત્યારે તરત તે બાબતમાં તમારાથી ઉતરતાં યા વધુ નપેતરના દાખલા તમારી નજર સામે યાદ કરજો. યા તો ધારીને જોજો. તો તરત તમોને શુગર ઉપજશે અને સંતોષ લાગશે કે એ હિસાબે આપણી હાલત તો શુગર ખુદાના કે તેની મહેરથી કેટલે દરજજે ચઢીયાતી છે તથા એટલી બધી ખરાબ નથી. કેમ જે દુનીયામાં તો દુ:ખની બી હદ નથી. એટલાં દુ:ખી પડેલાં છે માટે એ રીતે મુકાબલો કરી જોયા પછી તમો સંતોષી થતાં શીખશો, એટલુંજ નહિં, પણ વધુ અસંતોષી થતાં કુદરતી આગાહીથી ડરીને હટશો. કારણ ખુદાનો નિયમ એવો છે જે સંતોષીને ઝાઝું મળે જયારે અસંતોષી પાસેથી હોય છે તેટલું પણ, તેના એ ખરાબ ગુણના પ્રતાપથી, છીનવી લેવામાં આવે છે. માટે સંતોષનો ગુણ એ એક ઘણા સારા ગુણોમાંનો એક છે. જેની ખરી કિંમત તે ધરાવનાર ધણી બરાબર સમજે છે. માટે એ ઘણી મહેનત અને ખંતથી તથા ખોદાની કરમ બક્ષેસથી મેલવેલો એ સારો ગુણ પૈસા અથવા કિંમતી ખજાના માફક સાચવશો કારણ જો ઇન્સાન તે ધરાવ્યા પછી પાછો બેદરકાર બની જાય યા કોઈ બીજા અવગુણોનો ભોગ થઈ જતાં પરવરદેગારની ખફગીમાં પાછો નાહ આવી જાય. તેના તેણે હંમેશ ચાલુ સંભાલ લેવી જોઇએ. નહિ તો તે કેટલી મહેનતનો

મેળવેલો સારો ગુણ ખોહી બેસતાં વાર લગાડશે નહિ. જો કે પૈસા ખોવામાં અને સારો ગુણ ખોવામાં ફેર છે. કારણ સારા ગુણ જો સાચવીએ તો આપણા અખતીયારમાં છે એમ એક રીતે કહી શકાય. પણ પૈસો તો નસીબના હર કોઈ ચક્કરે વગર ચેતવણીએ જાય છે જયારે ગુણ અને સ્વભાવની બારીક સંભાલમાં રહીશું તો કદાચ બચી જઇશું. કેમ જે સારા ગુણોજ દુનીયા પાર કરવામાં મદદગાર છે. કારણ તે વગર ખોદાના નુરને પહોંચી જઇ શકાતું નથી અને તેને પહોંચવું એ તો, માણસ જાતની આ દુનીયામાં જન્મ લઇ. પોતાનો આતમા પીછાણી, સુધરવું, એ પોતા તરફની મોટામાં મોટી ફરજ છે. તેથી નાનાં બચ્ચાંઓને આ બાબદો તેમનાં વડાંઓ જો વાંચી ધીરજથી સમજાવી નાનપણમાંજ એ સારા ગુણોનો પાયો મજબુત કરશે તો મોટપણે બચ્ચાં આશિર્વાદ દેશે. કારણ નાનપણમાં પડેલી કુટેવો મોટપણે પોતે સમજયા પછી પોતાને હાથે તોડવી એ માણસને એક ઘણું કઠણ કામ થઇ પડે છે. જે તેમ કરતાં કંટાલી પોતાની પડેલી આદતો પ્રમાણેજ સહેલ લાગવાથી વરતી તેનાં માઠાં ફળ ભોગવે છે. જેનો અરધો દોષ વડાંઓને કહી શકાય. માટે એક બચ્ચાંને ફકત બાપના બોલથી બીધરાવી સમજાવશો તો જયાં સુધી પાપ લાગશે એવો ડર તેમના દીલમાં રહેશે એટલો વાર એ ખરાબ ગુણોથી વર્તતાં અટકશે પણ જયાં તે ડર હટી જશે, કે ભૂલી

જશે એટલે પાછું તે વાંક કરશે અને દુનીયાઇ માયામાં ભેલાઇ જતાં સ્વાર્થને રસ્તે ઉતરશે.

બીજું એક કુદરતી કાયદો એમ છે કે એક સારો ગુણ યા એક ખરાબ ગુણ જો માણસમાં ઘણો મજબુત હોય તો તેની પાછળ તેવાજ ગુણોનું એક લશ્કર જમા થાય છે જેમ કે કહેવતમાં છે કે "એક પાપ સો પાપ ઉભાં કરે." અને એક સારા ગુણમાંથી સો સારા ગુણ ઉપજે છે માટે સારા ગુણોનો મહેનતથી એકઠો થયલો સંગ્રહ કાયમ રાખવા માટે બંદગીતોસાથે ચાલુજ રાખવી કારણ બંદગી એક ફાનસ મીસાલ છે. જેનાથી આદમીને સીધું દેખાય છે નહિ. તો કે તરત ઠોકર ખાતાં કે પાછું ગબડતાં વાર લાગતી નથી માટે બંદગી વગર કોઇ ચીજ કાયમ રહે નહિ એ નક્કી જાણવું બીજું સંતોષ વિષે હવે હું છેલ્લાં એટલુંજ કહેવશ કે જો ઇન્સાનને દીલે સંતોષ નહિ હોય, તો તેના જેવું દુઃખી કોઇ નહિ જાણવું. જરા જરામાં તેનું દીલ તુટી જાય છે તથા નાહિંમત બની નાસીપાસ થાય છે. અને હાયસોસમાં દહાડા પુરા કરે છે. કારણ નાનું દુઃખ પણ તેને પહાડ જેવું મોટું લાગે છે અને કશું ખમી શકાતું નથી. કેમ જે તેનામાં ખોદા પરનું યકીન બરાબર નથી હોતું નહિ તો તે આદમી હિંમત રાખી સબુરીથી મુશ્કેલી સહન કરી સંતોષ પકડે તો પરવરદેગાર તેનો બદલો આપવા. કદી ચુકશે નહિ પણ વખત વગર કંઇ ચીજ થતી નથી. માટે આદમીએ ધીરજ ધરવાની

ફરજ છે તોજ સુખ હાંસલ થશે અને પોતે સુખી થવું કે દુ:ખી થવું એ પોતાનાજ હાથમાં છે જો કે અલબત્ત કુદરતના બનાવો તો આપણા સંબંધમાં જાતજાતના બી બને પણ તેવા સમયમાં મન સમાધાન રાખી સુખથી છલકાવું નહિ અને દુ:ખ જોઇ ડરવું નહિ કેમજે એ બેઉ ચીજ અનંત કાળ રહેનાર નથી પણ જે હંમેશ લગીનું છે તેને સદા વળગી રહેવું. અને ગમે એવાં દુ:ખની નાસીપાસીથી કે દુ:ખ યા સુખના મારાથી છલકાઇ ખોદાનું નામ અને તેનું યકીન કદી પણ છોડવું નહિ તો ઠોકર ખાતાંબી તે ગેબી શકિતની મદદથી ઢેકા ઢલીયા પસાર કરી સહિસલામત જગ્યા પર નીકલીશું

ખરૂં સુખ તે બહારથી દેખાતાં જાતજાતના સુખોમાં નહિ પણ અંત:કરણના ખરાં સુખમાંજ સમાયલું છે જેનું જ નામ સંતોષ. તે મેળવવાનો યત્ન કરો અને તેમાંથી ખરાં સુખનો મહાસાગર જડશે.

નસીબ.

નસીબ એટલે આપણી મરજી મુજબ નહિ પણ આપણે માટે દાદારથી જે સરજાયલું થાય તેનું નામ નસીબ. માટે જેમ પરવરદેગારની મરજી હોય છે તેમજ થાય છે એટલે કે આપણે કરવા ધાર્યું હોય છે કંઇ, અને થાય છે કંઇ તેમાં

તે સાહેબનો ઉંડો ભેદ જાણવો. જે સમજવાથી આપણે એ નસીબ છીએ. ખોદાનો ઈરાદો તો આગમજથી કાંઇ જુદોજ રચાયલો હશે જેની આપણને ખબર નથી પણ તે પરીપૂર્ણ થવા તેની જેમ મરજી હોય તેમ આપણે તો ફકત વર્તવાનુ છે. માટે તેની શકિત જેમ આપણને દોરવે તેમ, એટલે આપણું અંતઃકરણ અંદરથી જે સુધ મારગે ચાલવા આપણને ફરમાવે તેમ આપણે તો કરવાનું છે. અને તે મુજબ કરતાં આપણને જે સંતોષ ઉપજે તે પરથી સમજવું કે આપણે મરજી મુજબ વરતીએ છીએ, જેનો બદલો સારા અંજેજમાં તેના તરફથી મલવાને ચુકાતો નથી. તેનું નામ સારૂં નસીબ. એજ રીતે જો તેમની મરજી વિરૂધ્ધ ચાલીએ એટલે આપણા અંતઃકરણની સાંમા થઈ ચાલીયે તેનું પરીણામ ખોટું આવે જેનો બદલો ખરાબ નસીબમાં મળે છે. યા ભુંડા કરણીનો ભુંડો બદલો મળે છે. જેનું નામ માઠું કરમ તરીકે ઓલખાય છે. તે સિવાય વલી એવુંબી બને છે કે સારી રીતે ચાલ્યા છતાંબી પરિણામો માઠાં ઉપજેલાં આપણી સાધારણ આંખે દેખાય છે. ત્યારેબી એમ જાણવું કે તે બનતું એમ આગમજથી સરજાયલુંજ હશે માટેજ આપણી ભુલ પણ થઇ કારણ સારૂં ધારી કરવા છતાં જે ભુંડું થાય છે તેનેજ આપણે ભૂલ તરીકે માનીએ છીએ. કારણ ખોટું છે એમ જો માનીયે તો તેમ કરતેજ નહિં. બીજું તે ઉપરાંત વલી

કેટલીકવાર સમાગમના દબાણથી તે પ્રમાણે વરતવાની ફરજ આવી પડે છે. ત્યારે બી જાણવું કે એ બનાવો આગમજથી નિર્માણ થયેલા હોવાજ જોઇએ. માટે તે પર ઝાઝો અફસોસ કરવો નહિં. કારણ ગમે એટલું ભેજું દુઃખવવા છતાંબી આપણને કાંઇ એના મહાભારત રચવામાં આવેલા "પ્લાન" ની સમજ તે સાહેબ પડવા દેતોજ નથી. કેમ જે ધારી શકો તેતો ફકત આપણું અનુમાનજ કહેવાય. અને ખરૂં તો ખોદા જાણે શું હશે. બીજું એમ ધારો કે બનવાના બનાવોની જો આપણને આગમજથી ખબર પાડવામાં આવે તો આપણે આદમજાત આપણી અક્કલ મુજબ ને મરજી પ્રમાણે કેવી રીતે તે ઉપજાવી શકીયે ? કાંઇજ નાહં. કારણ કાંઇ તેની તદબીરને આપણે પુગી વલીયે ? કેમજે આપણને તો જે ચીજ પેહેલી નજરે અને સાધારણ આંખે ખરાબ દેખાય તેનાજ પરિણામ અને ફળ ખરેખરતો મીઠાં પાછળથી ચાખવામાં આવેછે. માટે ખોદામાંજ સંપૂર્ણ વિશ્વાસ મુકી માંનીજ લેવું કે તે જે કરેછે અને આપણી મારફતે ઉપજાવેછે તેજ બરહક અને વ્યાજબી છે. માટે ખોદાની ખાસ મરજીથી આપણી ભલી ઇચ્છા યા ("Good Will Power") જેમ આપણને રૂડે રસ્તે દોરવે તેમ ચાલ્યાં જવું એજ આપણે સારૂ ખરો રસ્તો છે. અલબત્તાં સારી વાસના યા નેક મનશનીથી કરવું. એજ આપણો તો ધર્મ છે. માટે આપણને બદલો પણ જેવી નિષ્ઠાથી કરશું

તેવોજ જરૂર મલશે. એમ નકકી જાણવું. જેનું નામ ખરાબ યા સારૂં નસીબ. યા આપણાં પોતાનાંજ ભલાં યા ભુંડા કરણીથી ઉપજેલાં ફળ સમજવા, જેનુંજ નામ સારૂં યા નરસું કરમ તરીકે ઓળખાય છે. માટે ભુંડા કરમનો દોષ ખોદાને દેવો નહિ. તેમજ કોઇનું સારૂં નસીબ જોઈને કદી બળવું નહિં. કારણ આપણું નસીબ ભુંડું હોય તેમાં કોઇ બીજાંને આપણા પોતા સિવાય જરાએ દોષ નથી તેમ કરવામાં કશો ફાયદો નથી. એમ મનમાં નકકી માની લઇ મુંગે મોંઢે ધીરજથી ખમવું, એમ સમજીને કે આપણા પોતાનાંજ કીધાં કરણીનાં ફલ હશે માટે જો બને તો તે માટે ખોદા પાસે ખરાં દીલની આજીજીથી બંદગી કરવી. તથા ખૈરાત મારફતે ઉપાય અજમાવી બને એટલું ખમી જવુ. તો ખોદા કંઇ સહાય થશે યા તેમાંથી ઉગરવાનો રસ્તો સુઝાડસે પણ હારી, ખાઇ—નાસીપાસ તો કદી થવુંજ નહીં જોઇએ. કારણ અનુમાન ઉપરથી સિદ્ધ થાય છે કે આ ભવમાં આપણો કાંઇ પહેલો યા છેલ્લો ફેરો નથી કે નવી યત્ન ન કરીએ તથા ફરી આશા ન કરીયે કારણ હાલ જે સુખ દુ:ખ આપણે ભોગવીએ છીએ તે તો આગલાં ભવની કરણીનાં ફળ છે કે જેની સાથે સાથેજ ચાલુ ભવના કરણીનાબી ફલ હયાં ને હયાં જોતાં જઇએ છીએ. તો તેનો વધુ નક્કી ભુંડો યા ભલો બદલો તો આવતે ભવે પામશુંજ એમ માનીનેજ ચાલવું જોઇએ. અને બદલો પહેલો તો એવા રૂપમાં મેળ-

વશું એમ લાગેછે કે જેથી કરી સુંદર યા બેડોલ શરીર ધારણ કરેછે તથા સારો નરસો દરજ્જો દોલત વગેરે ભોગવીશું માટે અને એટલાં સારાં કામો હાલતો કરવાને યત્ન કરવું જોઇએ. તેમજ ખોદાતાલાની આ ભવે બક્ષેલી સારી હાલત ઉપર એકદમ મુસ્તાક થઇને નહિં રહેવું જોઇએ. એમ સમજીને કે તે તો આગલા ભવનું પરિણામ છે. અને જો તેમાં હજીબી આ ભવે આપણી હાલતમાં ઓરબી સુધારો થતો રહેતો વધારે સારૂ નહિં તો હાલ છે એટલુબી ટકવાનો ભરૂસો રહે નહિ. તેથી હાલમાં જો ખોદાના કરે ને કંઇ ભુંડા કરમ થઇ જાય તો વળી નવે જન્મ હાલ કરતાં પાછી નપેતર સ્થતિએ જન્મ મળે જેમાંથી હાલની ઓઅલી સ્થિતિ સુધી પાછાં આવતાં કેટલો વિલંબ અને ફાંફાં પડે એમ લાગેછે તેથી તે રીતે વૃદ્ધિ વધતાં અટકાવ થાય. ને ફેરા ફોકટ જાય. વાસ્તે ઘણું સંભાળે અને બીહીબીહીને ચાલવું જોઇએ. એ વાત દરેકે મનમાં ગોખી રાખવી જોઇએ. કારણ એકજ માબાપનાં બચ્ચાં જનમતાંજ શાસબઅસર જુદી જુદી ખસિયતનાં તથા જુદાં જુદાં રંગરૂપના અને જુદી અકકલના હોય છે ? તેજ બતાવે છે કે કાંઇ આગલી પાછલી કરણી જેવું દુનિયામાં છે ખરૂં. પણ સંજોગના જોગથી અહિં સૌ એકઠાં થયાં છીએ પણ સદાકાલ તેમ રહેવાનું નથી, કારણ પાછાં તે વખત જે નીમેલો હતો તે પુરો થતાં સૌ સૌની કરણી મુજબ

નવે જન્મ, નવે ઠેકાણે જુદા જુદા રૂપમાં જન્મ લેઇ એ રીતે એક એકથી છુટાં પડી જશે અને નવા જન્મમાં આ જન્મનો ઘટતો બદલો મેલવશે માટે એ બાબત ઉપર હવે વધુ લખવાનું કંઇ જરૂરી નથી. પણ એટલું જાણવું કે આદમી જયાં સુધી સુદ્ધ થાય ત્યાં સુધી અવતારો બદલ્યા કરે છે. તે જયાં સુધી કે તે પોતે તદન ચોખ્ખુ થઇ ઉંચાઇએ પહોંચવા લાયક થાય છે. ત્યારેજ હંમેશગીની શાંતિ મેળવે છે. નહિ તો એમ ન સમજવું કે ફકત મરવાથી માણુસને શાંતિ હાંસલ થાય છે નહિ. મરણથી તો ફકત શરીર અદલબદલ થાય છે એટલે કે મરણ બાદ આત્મા પોતાની કરણી મુજબ નવા ઘરમાં એટલે કે ફરી જન્મ લઇ એક નવા શરીરમાં વાસો કરે છે તેથીજ હવેની દુનીયા જ્ઞાનના વધારાથી માને છે કે જે મરી ગયું તે ખરેખરૂં મરી નથી ગયું પણ મરી જવું તે ફકત શરીરનું બદલાવું છે જેથી તે આત્માઓ વખતે આ દુનીયામાંજ પાછા સજીવન હશે. છતાં તેમાં થયેલા ફેરફાર તથા તેની નવી શરૂ થયેલી જીંદગીના સબબે આપણે તેવાઓને ઓલખી શકતા નથી અને એ રીતે કશું સગપણ ધરાવતા નથી છતાં આગલી માયાને લીધે કોઇ તરફ કુદરતી દીલ વધારે ખેંચાય છે અને કોઇના ઉપર વિના કારણે ધિક્કાર આવે છે એ પણ ગયા ભવનો જોગ સમજવો. ગમે તે હોવ પણ એ રીતે જગતની માયા જુઠી કહેવાય છે તે ખરી વાત છે. કારણ ઉપર લખ્યા મુજબ

આ જીંદગીનો ફેરો ખલાસ થયો કે કોઇ કોઇને ઓળખતું નથી. બીજું ઘણી વાર જીવતાં માણસોને ખરેખર મરેલાં બરાબર ગણવામાં આવેલાં કહેવાય છે. તેની મતલબ એ કે તે લોકના આત્મા પાપથી પુરબની ડુબેલા બરાબર દુનીયામાં લેખાય છે તેવામાં તેમનું મૃત્યુ થાય તો નવો જન્મ કેવો મળે ? બોલાય ન એવો, મતલબ કે ખરાબમાં ખરાબ અવતાર મળે કે જેમાં તેની ભૂંડી ખાસિયતો પાછી દેખાવ દે એટલે તે લોકને કહેવા નામે ઓળખી શકીએ ? ભૂત ડાકણ બી કહો તો ચાલે-એટલે માણસાઈ અવતારથી તો જુદાંજ ગણાય. એ રીતે આ જન્મમાં જો ખાસીયતો સુધરે નહિ તો આત્માની સાથે નવે જન્મ પણ જોડાયલીજ રહી નડે. વાસ્તે જીવતાં જીવત જેમ બને એમ જલદી સુધરી જવું જોઇએ. જે લોકો જશ મુકીને ગયા છે તે લોક જગતમાં જીવતાં રહી ગયાં છે જાણવાં અને પાપમાં ડુબ્યાં છે તે લોકો અંગ્રેજીમાં કહેવાય છે તેમ "Lost Souls" તરીકે ગણાય છે. કારણ તે લોકની શું દુર્દશા છેવટે થઇ હશે તે કલ્પી શકાય છે જયારે ભલાંઓ તો જશ લઇ સૌને સુખ આપી સૌના આશીર્વાદ લઇ સુખીજ થયાં હશે એ રીતે તેમનો આત્મા સદા આનંદમાં અને જીવતોજ જાણવો, આત્માને લગતી બાબત-તથા માણસની રચના વિગેરે બાબતો બાળકોને માટે બિલકુલ લાયક નથી. કારણ એ કઠણ ચીજ સમજવાથી સામો તે લોકને ફાયદાને બદલે ગેરફાયદો થાય. કારણ ઉમર અને

વખતવગર કંઇ સમજ પડે નહિ. માટે તે બાબત છોડી દઇ વિચાર શકિતનો ઘણો નાનો વિષય નીચે ટાંકવાની રજા લઉછું.

વિચાર શકિત.

પરવરદેગારે માણસ જાતને વિચાર શકિત ઘણી બળવાન બક્ષી છે જેનો સારો ઉપયોગ કરવાથી માણસ પોતે પોતાને ઘણું સારૂં બનાવી શકે છે. તેમજ મનમાં આવતા નેક વિચારો એક બીજાંને જાહેર કરવાથી તે રીતેબી હરેક વાતે ઘણો ફાયદો થાય છે. માટેજ જરથોસ્તી ધર્મ નેક મનશની નેક ગવશની અને નેક કુનશની ઉપર રચાયલો છે. અને નેક મનશની તે સર્વે ચીજનો પાયો છે. કારણ જેવો વિચાર તેવી વાણી નીકળે છે. અને જેવું બોલીયે તેવું કરાય છે. માટે સદા સારૂંજ વમાસવું અને કુદરતની મહેરથી મનમાં આવેલા સારા વિચારો વખત જોઇ એક બીજાંને હંમેશ જણાવવા યા પોતાની ડાયરી બુકમાં નોંધી રાખવા કે કોઇનાબી વાંચી ઉપયોગમાં આવે. વિચાર તો દરેક આદમીને આવે છે. પણ વિચાર સોના શોખ મુજબ કરી શકાય છે. માટે ઇન્સાને મોટો ભાગ ઉપયોગી વિચારો કરવાની આદત રાખવી અને ખાસ કરીને કુદરતી બાબતો પર ઘણું ધ્યાન આપવું અને તે વિષય પર પુખ્ત વિચાર પુગાડવો અવશ્ય છે. કારણ

જેનું ધ્યાન ઓદાઈ બાબતમાં કેળવાય છે તેને બીજી દુની-આઇ બાબતો વધુ સહેલ માલમ પડે છે. એમ નક્કી જાણવું કે કોઇબી ગુંચવણની બાબત તેથી કરીને માણસને જલદીથી સમજ પડે છે. એ રીતે ખરી વિચાર શકિત પહેલી ધર્મ તરફ આપણને દોરવે છે વાસ્તે બે બોલ ધરમ વિષે બોલશું તો ખોટા નથી.

જરથોસ્તી ધર્મ વિષે.

એ રીતે આપણે ઉપર જોયું તેમ આપણો જરથોસ્તી ધર્મ એવો છે કે જે નેક મનશની નેક ગવશની અને નેક કુનશની પરજ રચાયો છે. વાસ્તે આપણે હિંમતથી કહી સકીશું કે ખરો ધર્મ કયો ? તે આપણને જરથોસ્તી ધર્મ-માંથી મળી શકશે. માટે દુનીયાના ઘણા સારા ધર્મોમાંના એક શ્રેષ્ટ ધર્મ પાળનારાંજ આપણે છીએ. એ વિચારથી આપણને ઘણો સંતોષ અને સુખ ઉપજે છે. માટે જરથો-સ્તીઓએ એ નેક ધર્મના ફરમાનોને સદા ચીવટાઇથી વળગી રહેવું જોઇએ. તો તેમાંથી સારૂંજ થશે. કારણ આપણો ધર્મ Sanitary Prinoiple ઉપર રચાયલો છે. એટલે તંદુર-સ્તીને ફાયદો કરનારો છે. જેમ કે કહેવત છે કે એક તંદોર-સ્તી હજારો ન્યામત છે તો વધુ શું જોઇએ ? તેમજ એ અવસ્તાના કલામોમાં કોઇ એવી ગેબી શુદ્ધ શકિત સમાયેલી

છે કે તેના કલામો આફત યા દુઃખ વખતે મોં પર લેવાથી હિંમત આવે છે. તથા કોઇ પણ જાતની પલીદી યા ખરાબ શક્તિ તરત દૂર થાય છે. ફકત યથા ને અશેમ એ બોલો-માંજ કેટલું બધું સમાયેલું છે પણ કોઇ કોઇ બાબતમાં જયાં અતેરૂં કરી દીધું છે તે જરા વિચારીને બને એટલુંજ બજા-વવું જોઇએ. બાકી એજ ધર્મની બરકતથી આજે પારસી લોક પારકા રાજયમાં હજી સુધી ઘણો સારો વગવસીલો વગેરે જાલવી રહયાં છે. જયાં સુધી સદરો, કસ્તી સાબુત છે ત્યાં સુધી ખુદા કરશે તો સૌ સારૂંજ થશે.

ધર્મ તથા બંદગી અને બંદગીના તબક્કા.

આ વિશાળ પૃથ્વી ઉપર ચોમેર ઘણાક મુલકો પડયા હશે અને છે. જયાં જાત જાતના લોક અને તે લોકના જુદા જુદા ધર્મો હસ્તી ધરાવે છે. જે પંથ તરીકે બી ઓળ-ખાય છે જેમાં અલબત્તાં મોટા અને મુખ્ય ધર્મો જેવા કે જરથોસ્તી, ઇસ્લામી, ખ્રીસ્તિ, તેમજ બુધ્ધિસ્ટ, હિંદુ, અને જૈન વગેરે નામાંકિત ગણાય છે અને બીજા તેના ૪ણુગા ફાંટા હશે, જે દરેકને સ્થાપવાને મોટા મોટા પીર પેગંબરોએ વખતો વખત દુનિયામાં જન્મ લીધા હશે. બાદ અણુજાણ અને અજ્ઞાન લોકોને પોતપોતાના ધર્મની ફીલસુફીઓથી માહિત કરી પંથો સ્થાપી તેનું યકીન બેસાડી જમાનાઓ તુલીક તે

પવિત્ર કાયદા કાનુનોથી બાંધી તે રાહે માણસોને ચાલતા કીધાં હશે. તથા દરેક પેગંબરે પોતપોતાના ડહાપણ અને હુકુમત મુજબ ખુદાઇ બસારતો અને ફરમાનોથી તે સ્થાપ્યાં હશે. કારણ તે લોક કાંઇ સાધારણ આદમીની તાસીર ધરાવતાં ન હતાં, પણ ઘણેજ ઉંચે દરજજે ચહેલા આત્માઓ હતા માટેજ તેઓ પેગંબરો તરીકે ઓળખાતા હતા અને ફિરેસ્તાઓ જેવા ગણાતા હતા. અને તેથીજ તે લોકના ફરમાનો પણ તેવાંજ ડહાપણ ભર્યાં તથા આદમીઓના મનને વશ કરી ખોદા તરફ દોરનારાં છે. દરેક જુદા જુદા પેગંબરોના નામ મુજબ, જુદા જુદા ધર્મ પંથરાએલાં હોવા જોઇએ. જે નામે તે ધર્મો હાલ ઓળખાય છે. અને તે દરેક ધર્મના માનનારાઓ તે ટોળાના ગણાતા આવ્યા છે, જે મુજબ જાતો ઉભી થયેલી છે. એમ આપણી સાધારણ અકકલે માની શકીએ છીએ. માટે દરેક ધર્મના ફરમાવેલા રૂડા કાયદા કાનુનો તથા તે તરફના યકીનોથીજ દુનીયાં આટલી બી રીતેભાતે ટોળકીઓ થઇ મંડળીના બંધારણથી ચાલે છે. કોઇબી જણ, કોઇને કોઇ એક ધર્મને લગતું તો હશેજ અને તેના થોડા ઘણાબી કાયદા પ્રમાણે ચાલતાં તથા તેને માન આપતાં તેને નાનપણથી શીખાડવામાં તો આવ્યું હશે. પણ તેમાં તે કેટલે દરજજે અને કેમ ચાલે છે, તે તો તેના જાતિ સ્વભાવ તથા કેળવણી ઉપર આધાર રખાય. એક ધર્મમાંથી બીજા ધર્મમાં વટલીજવું એ કોઇ બી ધર્મના કાયદાનું ઉલ્લંઘન કરેલું

કહેવાય કેમ જે દરેક ઇનસાને જે ધર્મમાં પોતે જનમ્યો હોય તેને જીંદગી સુધી ઇમાનદારી અને તાબેદારીથી બંધાઇ રહેવું એ ફરમાન છે. જોકે પોતાના વિચારોને માન આપવાને તેને છુટ છે. ધર્મ બદલનારાં એકેક ટોળામાંથી ઘણાંજ જુજ મળશે ખરા, પણ જો તેઓ પોતાની પુર અકકલ હુશિયારી છતાં તેમ કરવાને બેવકુફ બન્યા હોય તો જાણવું કે તેમાં કંઇ પૈસા યા કોઇબી જાતનો બીજો ભેદ ભરમ યા લાલચ સમાયલી હશે. યાતો તદન જંગલીઓ ભૂખમરા વગેરે દબાણથી વટલ્યા હશે તે એક નિરાળી વાત છે. તેમજ ખાવા પીવામાં ફેરફાર કરે યા સગવડની રીતે ફરે હરે, પહેરે ઓઢે તેમાં કાંઇ ધર્મ બદલેલો સમજવું નહીં. કેમકે એમ તો આજ કાલ પારસીયો 'વેજીટેરીયન' બનતા જાય છે=કે જે ફકત ખાસ હિંદુઓના ધર્મનું ફરમાન છે. પણ તે તંદોરસ્તીને અનુકુળ આવતું હોવાથી કોઇબી ધર્મવાળા તેમ કરે તો હરકત નથી. તેજ મિશાલ જો હિંદુ લોકને સગવડને ખાતર મુસાફરીના સબબે યા પરજાતની સાથના મિત્રતાને લીધે ખોરાકની અદલ બદલ થાય, તો તે આ જમાનાને અનુકુળ હોવાને લીધે વાંધો લઇ શકાય નહિં. પણ પારસી તે પારસી અને હિંદુ તે હિંદુ, ક્રિશ્ચિયન તે ક્રિશ્ચયન એમ પોતાની જાતમાં જ રહી ઓળખાય, તો વધારે શોભા ભરેલું ગણાય અને તે માણસનો દરજ્જો સચવાયેલો ગણાય તથા સુખી થાય. વાસ્તે ધર્મની ખરી નેમ તો એ છે કે માણસ પોતે

કયા ધર્મને લગતો છે તેની નિશાની જાળવે તથા તેનું જ્ઞાન ધરાવે તેમજ તેમાં યકીન માની અંદર ખઈ કેટલું અને ખોટું કેટલું છે તે પીછાણી તે પ્રમાણે વર્તવાને યત્ન કરે તથા ધર્મના બનાવનારના બી બનાવનારને એટલે ખોદાતાલાને ધર્મની ખુબીથી પીછાંણી તેમાં પુર યકીન રાખતાં શીખે. કારણ ધર્મની મતલબજ' ખુદાને પીછાણી ખુદાઇ રાહે ચાલવું એમાં સમાયલી છે. વાસ્તે મહાત્માઓના અને પેગંબરોની બી મૂળ નેમ સમજ્યા વગર ખાલી કોઇબી ધર્મ ને વળગી રહે તો કાંઇ અંતર આંખ ઉઘડે નહિં. કેમજે જેમ બહાર આંખ છે તેમ અંતરમાંથી બી જોવાને અને ખરૂં ખોટું પીછાણવાને જે શકિત આપેલી છે તેને અંતર આંખ કહી શકાય, કે જેના વડે ધર્મની સાથે બીજા રસ્તાઓ સુઝે છે, જેમાંથી ખરો ધર્મ એટલે શું તે મળી આવે છે. અને તે આપો આપ નજરે પડે છે અને જાંણી શકાય છે. હવે એ પ્રમાણે ચાલવું એ માણસના પોતાના હાથમાં છે. જો તેમ ન કરે તો દરેક ધર્મના સ્થાંપનાર પેગંબરોને પણ ગેરઇન્સાફ કીધેલો ગણાય. અને તે લોકોની ખફગીમાં અવાય. કારણ દરેક મોટા પેગંબરો ખોદાતાલા પાસેથીજ આ દુનીયાના માનવીઓને સારે રસ્તે ચલાવી સુખ આપવા કાજે ધર્મો માંગી લાવેલા છે જેઓના જુદાં જુદાં ઉમદાં લક્ષણોના છાંટા દુનીયામાં ચોમેર છંટાયા છે, અને તેમાંથી સારાજ ફળ ઉપજે છે. કહેછે કે જરથોસ્ત સાહેબ અશોઈ લાવ્યા તો તેમાંથી બધી પવિત્રાઇજ

હાંસલ થાય છે. મહમદ પેગંબરનું ઇમાન વખણાય છે તો તેથી લોકોમાં યકીનનો ફેલાવો થઇ શકે છે "ક્રીશ્ચિયાનીટી" દરેક ઉપર પ્યાર રાખતાં શીખવે છે અને દરેકને એક ગણે છે તો તેથી દુનિયામાં જુદાઇ તુટે છે અને એક સંપ જળવાઇ રહેવાના સબબ રહે જ્યારે બુદ્ધિસ્ટ જૈન, બ્રાહ્મણ એવા ચોકખા ધર્મમાંથી બી ઉતમ ચીજ શીખવે છે જેવીકે મનને મારવું જેથી કરી હજારો લોભ લાલચોમાં ફસતાં માણસો બચે, ખાધા પીધામાં બધી વાતે પરહેજ રહેવે—તે રસ્તેથી ખુદાને પુગાય. માટે દરેકજ ધર્મમાં સારૂંજ છે. માટે દરેકમાંથી સારાં તત્વ લઇ માણસે સંપુર્ણ બનવું. વાસ્તે જે લોક તકરાર કરે કે હમારો ધર્મ સારો અને તમારો ધર્મ ખોટો એતો બેવકુફાઇ કહેવાય કારણ એમાંતો વખતની બરબાદી થાય છે અને અંટસ ઉભાં થાય. અને તે તો ધર્મની નેમ જાળવવાનો ઉંધો રસ્તો થાય. વાસ્તે છેવટે બધા ધર્મમાંથી ઉભો થયેલો ખરો ધર્મ તો એજ છે કે દયા, માયા ભલાઇ તેમજ સખાવત કે જે એક તરેહની નહિં પણ હજારો રીતે થઇ શકે. જેવી જેની શકિત કોઈ પૈસા વડે કરે, કોઇ અન્નદાનથી કરે, કોઇ વસ્ત્ર અથવા કોઇતો જબાનથી બે સારા બોલો બોલી પણ સખાવત જેવો ધર્મ ઉપજાવી શકે, સારી સલાહ, દીલાસો આપે પણ, તેમજ મોટું મન બતાવવું એ બી એક જાતની આપણી શકિતમાંથી આપેલી સખાવતજ બીજારૂપમાં સમજવી. પૈસાથી ન બને તો ખેર, પણ ઉપર લખ્યું તે પ્રમાણે

કરવાને બી બને તો તેમાં બી ચૂકવું નહિં, ખોદા તેની પણ કિંમત પીછાણશે. કારણ ધર્મવાળાઓએતો ધર્મ શિખાવ્યો અને ખુદાનો કાયદો બનાવ્યો પણ શિક્ષા અને ફળ તો તે સાહેબેજ આપસે માટે બદલાની આશા તેની પાસેથીજ રાખવી. વાસ્તે નમનતાઇ સાફાઇ, શહનશીલતા, હિંમત, ઉલટ, ઉ-તેજન, એમાં તો જરા પણ પાછાં હઠવું નહિ. ખંતથી તેની પાછળ વળગેલાજ રહેવું કારણ એક સારા ગુણ સાથે બીજાબી સારાજ ગુણોની હોંશ થશે. અને એક પાપ યા ગુન્હો એવા બીજા સો ગુન્હા ઉભા કરસે. જેમકે ચોરી કીધી હોય તો તેને છુપાવવા જુઠું બોલવુંજ પડસે. લાંચ આપવીજ પડશે. છેતર નફટ થવાય. સામું થવાય. નામુકર જવાય બધું બી જે કહો તે થાય તેને બદલે સાચું બોલીએ તો સાબાસી મળે. વધુ સારાં કામ કરવાની હોંશ રહે મનને હિંમત રહે બીકતો લાગેજ નહિ. મનમાં ખુશાલી રહે ને મન મોકળું રહે. બધાં સારાં કામમાં ભાગ લેવા ગમે વગેરે વધુ અને વધુ સારો લહાવો લેવા ગમે અને સો બલા દુર થાય વગેરે. એમ દુનિયામાં બે સાઇડ છે. જે બચ્ચાંઓએ પહેલેથી પીછાણી મનમાં તેની "રટડી" કરતાં શીખવું જોઇએ, બાકી તમો જાણો કે ખાલી ભણ્યા કરે તેમાં ધીમ સમાયેલો છે તો તે ભૂલ કહેવાય. કારણ બદમીનો શોખ લાગે અને ભણ્યાજ કરે તે બી બરાબર નહિ કહેવાય બંદગી કંઇ શોખને વાસ્તે સરજેલી નથી. પણ એની નેમ સમજવાની છે. તે એક

વખતસરની અને ખરા દીલની વખતો વખતની નીમેલી બંદગી પવિત્રાઇના કાનુનથી કરવી તોજ તેની ગેબી અસરથી ખોદાની બસારત થશે. અને મદદ પુગશે. તે વડે ખરો રસ્તો આપણે શોધી તે પ્રમાણે ચાલી ભુંડો ભલો બદલો મેળવી સુખી યા દુઃખી થવાનું પોતાના હાથમાંજ છે. નહિં કે વગર સમજયે બડબડયા કરવું. ધ્યાન ક્યાં હોય? સફાઇ જેવી જોઇએ એવી નહિં. આજુબાજુ ગડબડ હોય તો તે બંદગીની અસર પુગતી નથી. પણ ખરી રીતે તે માણસ પોતાની ફરજ ચુકી એમ કરે તો સામું એકલપેટું કહેવાય. કારણ બંદગીના તો તબકકા છે. તેમાં પહેલી ખરાં દીલની ધર્મની બંદગી. બીજા તબકકામાં તેમાંથી થતા ખુલાસા અને પડતી સમજણો. અને ત્રીજા તબકકામાં તો માણસો મહાભારત કામો ઉપજાવે. દુનિયાને મોટી મદદ કરતાં થાય મોટી સખાવતો કરે અને દયાનાં કામ કરે. નર્સો પૈસાને ખાતર નહિ. પણ દયાની ખરી બહેનપણીયો થાય. દુઃખીનાં દુઃખ ટાળે મોટા ભોગ આપે અને સંસાર વહેવાર તથા દુનિયાની ખરી ફરજો બજાવે અને પોતાની સેવા અર્પણ કરે તે મોટામાં મોટી બંદગી છે. છતાં છેવટ વેર ભુલી ન જવું કે છેલ્લે યા મોટે દરજજે જે પુગ્યાં તો તે ધર્મના ફરમાવેલી અવસ્થાની પોતાની બંદગીના પ્રતાપેજ પુગેલાં છૅયે–માટે તેતો જન્મ તુલીક ચાલુજ રાખવી. કારણ તેજ એક ફાનસ મિસાલ કામ લાગેછે અને સદાજ લાગશે.

હવે એક બોલનો બે અરથ યા ઉપયોગ થઇ શકે છે. તેનો તફાવત બચ્ચાંઓને પહેલાંથી સમજાવવો જોઈએ. જેમકે દયા ખોટી અને ખરી, ઘટતે વખતે દીલ બતાવ્યું યા આપ્યું લીધું તો તે દયા કહેવાય પણ જ્યાં શિક્ષાની જરૂર રહે ને ન ઘટે તો ત્યાં દયા બતાવવાથી સામું પાપ ઉભું થાય છે. તેવીજ રીતે માયા બી બે જાતની છે. એક નિર્દોષ માયા છે જે બચ્ચાંઓ પર પ્યાર—જાનવરો તરફ માયા—સગાં વહાલાં, પાડ-પાડોસી પર પ્રીતિ તે માયાની લાગણી છે જે બને એટલી વધારવી જોઇએ પણ ખાધાની માયા, જોવા જવાની મોજશોખ, પહેરવાં ઓઢવાની માયા એ બને એટલી તોડવી જોઇએ. માટે જ્યારે સાધુ લોકોનો બોલ છે કે માયા તોડવી તે એ જૂઠી માયા—નહિં કે સાચી માયા. માટે એનો અર્થ બી બચ્ચાંઓનાં ભેજામાં એના ખરા રૂપમાં ઠસાવવો જોઇએ. નહિં તો તે લોકને ઘણું અજબ જેવું લાગે કે આવી ઉમદા લાગણીને શા માટે તોડવા, તે લોક કહેતાં હશે. એમ બધું સમજીને વરતેલું સારૂં નહિ તો ફાયદાને બદલે ગેરફાયદો થઇ જવાનો સંભવ રહે છે.

દરેક શોખ મુજબ ધર્મનો બી શોખ કોઇવાર એવો લાગી જાય છે કે માણસ તેમાં બિલકુલ મશગુલ થઇ પોતાની સુધબુધ ખોઇ એકજ ચીજ પર પડતાં આજુબાજુનું ધ્યાન ભુલી જઇ તે તરફ તદન બે પરવા બની જાય છે. તે બી સામું-ખોટું અને તંનદુરસ્તીને હાનીકારક કહેવાય તથા માણસ

પોતે ભલું થતાં બેવકુફમાં ખપે છે વાસ્તે દરેક ચીજ ની હદ હોય છે. તેજ મુજબ ધર્મની બાબતમાં પણ હદમાં રહી ચાલવું તોજ ફાવે.

કારણ એક મોટા મહારાજના બોલ છે કે જો આપણે એક દાદર ઉપર ચઢીયે યા ઉતરીયે, તો એકદમ ચઢવા કે ઉતરવા જઇએ તો ઉભેથી પડી જવાય. તેજ મીસાલ આ બાબદ પરબી એકદમ મંડો તો મગજ ગુંચાઇ જાય અને હોય એટલી બી અકકલ જતી રહે. વાસ્તે દાદરની જેમ સાડી સીડીએ ઉતરીયે તો બરાબર ઉતરાય તેમ ધર્મબી તબકકે તબકકે મેળવાય છે. માટે એમજ મારી પોતાની બી સલાહ છે. અને હું પોતે પણ તેજ માફક વર્તવાની કોશેષ કરી દુનિયાની દરેક બાબતમાં એક સરખું સંભાળીનેજ ભાગ લઉછું. પછી નસીબમાં ગ્નાન હોય એટલું મેળવાય માટે ધર્મએ કિંમતી મોટી મિસાલ છે તેનાં અમુલ્ય વચન વેરી દેવામાં આવે અને કીંમત ઉંધી આંકવામાં આવે તો ઘણુંજ અફસોસ ભરેલું તથા ગેર ઇન્સાફી કહેવાય વાસ્તે એ બાબદ સમાપ્ત કરી દુનીયામાં લડાઇ કજીયો કેવી રીતે થાય છે અને તે કેમ અટકી શકે તે વિષે જરા વિચાર તે ઉપર દોડાવીશ.

લડાઇ કેમ અટકાવવવી.

દુનિયામાં સૌથી ભુંડી ચીજ કંકાસ યા કલેશ છે કે જેને મહોત કરતાંબી ખરાબ કહો તો ચાલે કારણ કે જો તેને ટુંકરેથી ડામ્યો નહિં હોય તો કોઇવાર તેનું ગંભીર પરિણામ આવી જવાનો સંભવ રહે છે. મારા મારીમાં વખતની બરબાદી થાય છે. લોક ફજેતી જુવે છે તથા સુન્ના જેવા જીવને કોઇવાર હાનિ પુગી જાય છે માટે ડાહયાં માણુસોએ શરૂઆતમાંજ કોઇબી વાતની નાંખતી કીધી હોય તેમાંજ માલ છે, જો એક માણુસ છેડતી શોધે તો બીજાં ભલાં માણુસે તે સમજ્યુંજ ન હોય એમ અખાડા કરી થોડું ખામોશ કરી જવું જોઇએ. અને જ્યારે ગુસ્સો આવ્યો હોય ત્યારે તો બને એટલું થોડું બોલવું કારણ ઉશ્કેરાયલાં માણુસથી બે બોલ વધુજ બોલાઇ જવાય છે. જેથી ઉતાવળે બોલી નીરાંતે પછી પસ્તાવું પડે છે. માટે ઇંગ્રેજીમાં કહેવત છે કે " Least said soon mended " તે મુજબ વર્તવું જોઇએ. બીજુ યાદ રાખવું કે કોઇ દહાડો બે જણાં લડતાં હોય તેની વચમાં કદી ન પડવું. કારણ તે બે તોપાછાં એક થશે અને વચમાં પડનારનેજ પકડશે અને તેજ બદલામ થશે. માટે બને ત્યાં સુધી વગર કારણે પારકાંની પંચાતમાં પડવુંજ નહી એ સાવચેત ઉપાય છે. ભોગ ચોઘડીયે ન ચાલતાં કોઇ સાથ જો લડાઇમાં ઉતરવું પડે તો ઘણે કળેત્રળે

હાથ કાઢવો જોઇએ તથા બને ત્યાં સુધી સાંમાને ટાઢું પાડવું અને એવો એક પણ બોલ ન બોલવો કે જેથી સામું ઉશ્કેરાઇ કજીયામાં વધારો થાય, મન ઉંચાં થાય માટે કોઇબી ભોગે પહેલાં કંકાસ મટાડી પછી ધીરજથી વાતનો ચુકાદો બેની સલાહ લઇ કરવો છતાં જો સમાધાની ન થાય તો કુદરતને ઇન્સાફ સોંપવા જેવું એક નથી. તે બરાબર તોલ કરી વ્યાજબી ઇન્સાફ દેખાડશે. એજ બરાબર છે.

એ બાબત ઉપર ઘણાં પાનાં ભરાય એવું છે. પણ એક સારી બાબત દરસાવતાં જેટલી હોંસ અને ઉલટ છુટે છે તેટલું આવું લખાણ લખતાં કમકમાટ લાગે છે. માટે એને આટલેથીજ સમાપ્ત કરૂં છું કે સંપ બરાંબર સુખ નથી. અને તેમાંજ આબાદાની અને આયંદે બરકત છે તે નકકી માનવું ભલા ભલાં કુટુંબો વીલ વીગેરે માટે પણ લડી કોરટ દરબારે ચઢી પાયમાલ થઇ ગયેલાના દાખલા ઘણા નજર આગળ મોજુદ છે. તેને બદલે હળી મળી વેંચી સાટી વાપર્યું હોય તો પૈસો કયો ગતે પડે ને કુટુંબમાં જળવાય તેના કરતાં વકીલોને આપે એ બેહુદું અને નાદાન અકકલનું કહેવાય. પણ સંજોગના સૌ ભોગ છે. માટે ખોદા નાનાકે મોટા કોઇબી જાતના કજીયાથી પરવર દેગાર કુલે આદમ જાતને બચાવે એજ આપણું ઇચ્છવું છે. આમીન.

છેલા બેવીશય.

મહોત તથા મરણ પછીની જરથોસ્તી ધર્મમાં થતી ક્રિયાઓ–(એ બે વિષયો પણ હું અહિયાં ખાસ છેવટે ઉમેરૂં છું કારણ (એ બે ચીજ પણ દુનિયાંમાં માણુસ જાતમાં અગત્યનો ભાગ બજાવે છે. તેથી જાણવી અવશ્યની છે):—

મોત.

માણુસ જાતમાં સાધારણ રીતે જયારે કોઇ મરી જાય છે ત્યારે તેનો ભારે અફસોસ કરવામાં આવે છે કે અરે બીચારૂં મરી ગયું પણ જીવ યા (આતમા કે) જેની સાથે આપણને સંબંધ તથા દોસ્તી હતિ તે તો ખરેખર નથી મરી ગયો પણ એ તો તેનું શરીર કે જે એક ખાખી પુતલું છે અને તે કે જેમાં આતમા વાસો કરે છે. તથા તેની મારફતે તેમાંના સંચાઓ જેવા કે જીભ ભેજું હાથ પગ વગેરેની મદદથી પોતાની ઇચ્છા બજાલાવે છે યા કુદરત તરફથી તેને સોંપવામાં આવેલી ફરજો જેવી કે ખાવું પીવું ફરવું હરવું જેબી એક ફરજ છે. કારણ જેના વગર સંચો ચાલુ રહે નહી એટલે કે માણુસ જીવી શકે નહી, માટે તે દરેક દરેક જાતની ફરજો પુરી બજાલાવી, આપણે આગળ જણાવી

ગયાં તેમ કરણીના કાયદા મુજબ સંપુર્ણ કરી, દુનિયાંઇ સપાટી ઉપર એ રીતે માણુસ જાત એક ભાગ બજાવી, તેનો નીમેલો વખત જ્યારે પુરો થાય છે. ત્યારે તે શરીર કે જે ચોકકસ વખત નાજ નીભાવ માટે ખોદા તાલા તરફથી ઉપજાવવામાં આવેલું, તેમજ તે, કે જેમાં જ્યાં સુધી માંહે આત્માની હાજરી હોય છે ત્યાં સુધીજ ચાલુ રહે છે એટલે કે જીવે છે, પછી તે (શરીર) કે જે, મોહેથી આતમાં ઉડી ગયા પછી મરી જાય છે, માટે એ વિલાપ કોણુને વાસ્તે કરવો ? તે આદમી સમજતા નથી દાખલા તરીકે ધારો કે તે શરીર કે જે તરતનું મરેલું હોય છે (અથવા તાજુ કહેવાય છે) કે જે જોવામાં હાલતો જેવું ને તેવું લાગે છે. છતાં માંહેથી જીવ ઉડી ગયા પછી આપણુને તે જોવા ગમે છે કે ? નહિ બીલ કુલ નહિ સામું તે શરીર કે જે હવે મુડદાં તરીકે ઓળખાય છે તેને જોઇને તો સામી બીક લાગે છે તેજ શું બતાવે છે ? કે માયા આત્માની હતી નહિ કે શરીરની, માટે ફોકટ વિલાપ કરવો નહી કારણુકે જે, જીવના માટે આપણે રડીએ છીએ, તે તો સલામત છે. અને ખોદાની પનાહમાં છે, ફકત આપણી નજરે પડતો નથી એટલુંજ છે. બાકી ખરેખર તો તે મરી ગયો નથી અને જો તેમ માનીએ તો તે ભુલ ભરેલું કહેવાય, કારણુ આત્મા કદી મરતો નથી પણુ સદાજ જીવતો છે એમ અનંતકાળથી જાણુતી આવેલી વાત છે. ફકત આગળ દરર્શાવી ગયા તે મુજબ ફેરા અદલબદલ કરે છે માટે મોત

ઉપર જાઓ વિલાપ નહી કરતા તેજ આત્માના તારણ માટે ખરાં દીલની બંદગી મરનારને માટે કરી હોય તો તેને ઘણી કામ લાગશે અને તેના વળતા આંશીશથીજ આપણા જીવને સબ્યારો મળશે. બાકી જેટલો અફ્‌શોશ યા વતવતો એ ચીજ ઉપર કરવામાં આવશે એટલું દીલ વધારે દુઃખાશે અને જીવ ઓરજી ઉકળશે. કેમ જે જે થવાનું હતું તે તો કીરતારની મરજી માફક અને તે માણસની આગળ દર્શાવ્યા મુજબ તેની કરણી પ્રમાણે થયું છે.

તેમાં આપણે કોઇબી જાતની તદબીર લગાડી હતે તો તે વ્યર્થ હતું, એમ નકકી માનવું જે કે માણસનું મન તો ઘણું શંકાશીલ રહે છે અને તે તો એમજ સમજેછે કે આમ કરતે તો આમ થતે ને તેમ કરતે તો તેમ થતે પણ તે તો સઘળા વાહયાત વીચારો છે. કારણ જો તેમ હતે તો દુનિયામાં આટલા બધા ડાકતરો છતાં મોત કે જે દર પળે થયાં જાય છે તે બનતેજ કેમ ? વાસ્તે ધીરજ રાખી ખોદામાં પુરો વિશ્વાસ મુકવો અને જે નેક ગુણો મહેનત લઇ આપણામાં ખીલવેલા હોય તે આવે વખતે કામ લાગશે. મોતથી આપણે પોતે પણ જરાએ ડરવું ના જોઇએ કારણ ઘણા દાખલામાં જોયેલું છે કે જેટલી માંદગી માણસને ભયંકર લાગે છે એટલું મોત તે મરતા માણસને માટે નથી, પણ સામું જોનારને માટે વધારે છે. માટે માણસે પોતાની લાગણી ઉપર

કાણુ રાખતાં શીખવું જોઇએ કે કોઇ પણ વખતે
કામ લાગે કારણ મોત કોઇનેબી માટે અચોક્કસ છે ગ
ત્યારેબી આવીને ઉભું રહે છે એનો કાંઇ નિયમ નથી તેમ
બી હવે વેલું નથી આવતું કે નભરશ રહે
છોડતુંએ નથી તે તો પોતાને ટાઇમેજ પોતાનું કામ બજા
છે માટે એના નામથી ડરવાની કે સુગાવાની કાંઇ જરૂર નથ
સોએ એ અવસર માટે તો દર પળે તઇયારજ રહેવાન
જરૂર છે પછી નીકળી જાય તો ઘણુંબી વર્ષો એ આપણ
નસીબની વાત છે. પણ બેદરકાર તો એમાં કદી રહેવું
નહીં જોઇએ. કારણ જુવાન જાણીને જીવતું નથી અને બુ
જાણીને મરતું નથી એ કહેવત અસલથી, ચાલતી આવેલ
આપણે જોતાંજ આવ્યાં છીએ કે જે બને છે તે અણધારેલુંજ
ઘણું ખરૂં બને છે એ બાબદમાં સઉથી મોટું દુઃખ જુદાઇનુ
છે જે ખરી વાત છે. પણ તે વખતના વેહેવા વગર વિસરાવુ
મુશકેલ છે જેમકે એક તાજો ઘા કેટલો લાગે છે અને દુઃખે
છે પછી ધીરે ધીરે કેવો સહન થાય છે ? એજ મીસાલ
જાણીને સબુરી પકડી ટાઇમની રાહ જોઈ ખમતા રહેવુ
તો તેજ વીસરાવશે કારણ વખત સહુથી બળવાન ચીજ છે
જે એ કરે છે તે કોઇ નથી કરતું તેની આગળ બધી મેહેનત
ફોકટ છે. પણ યત્ન કરવું એ માણસ જાતની ફરજ છે
તેમાં થોડીબી રાહેત મળશે પણ મરનારના નામની જે ધર્મ
ક્રિયા કરવાની આપણા ધર્મમાં સરજાયેલી છે. તે કરવાથી એ
તો મરનારનેબી તેના પવીત્ર બળથી તેના પાપ પુણ્યન

બોજામાં મદદ આપે છે અને તેની મંજલ એનાથી કરી સહેલાઇથી કપાય છે, એમ ધારી શકાય તે ઉપરાંત પાછળ, રહેલાને વધુ ફાયદા ભરેલી છે કે તે લોકનો બી વખત રડવા બળવાને બદલે પવીત્ર ક્રિયા, ભણતર, અને ફરજમાં રોકાવાથી તેઓનો પણ આત્મા બંદગીની છુપી અસરથી સુધરતો જઇ દાદાર તરફ વધુ ઢગી સંતોષ પામતાં શીખે છે. અને તેમને પછી લાગવા માંડશે કે સઉબી ક્યાં અમરકાલ જીવનાર છે જે તેની વાત, એમ સમજી બાકી રહેલો વખત સારાજ ઉપયોગમાં ગાળવા માંડશે. તેમજ મરનારની ક્રિયા કરી તેમના તરફના વળતા આશીષથી કંઇક સુખજ હાંસલ કરવા માંડે છે. બીજું, માણુસને મરણનો મોટો ભય એટલા કારણુસર લાગે છે, કે મોત ઘણું ખરૂં માંદગી ભોગવવા બાદ આવે છે પણ તેથી એમ ન સમજવું કે મોત એટલું બધું દુ:ખદાયક છે. પણું ખરેખર તો માંદગી તેમ છે, ઘણા દાખલાઓમાં વર્ષોના ખાટલા બાદ તેમજ ઘણું રીબ્યા છતાં પણ માણુસ મરતું નથી અને સાજું સમું કોઇવાર ચટને પટ થઇ જાય છે વાસ્તે એ વાતનો તો કાંઇ નિયમ નથી એમ જાણી મોતથી ઘણું ગભરાવું નહી કારણ જે લોકોએ એ બાબદની બારીક તપાસ કરી છે તે લોક કહે છે કે કેટલાક દાખલાઓમાં મરનાર માણુસને પોતાને તે વખતે ઝાઝું લાગતું હોય તેમ માલમ પડતું નથી. અને એ સવાલ ડાકતરી હોવાથી આપણુને ઝાઝું સમજ પડેબી નહિ છતાં એકીન રાખવું કે જેના ઉપર

ખોદાની મેહર હશે તેને તે વખતે પરમેશ્વર દુ:ખ માલમ પડવા દેશેજ નહી તોએ એટલું તો માનવું વ્યાજબી કહેવાય કે (Cause વગર Efect) ઉપજે નહીં તે મુજબ મોત જેવી દુનિયામાં એક મોટી વજનદાર ચીજ બનવા માટે હજારો કારણો તેને મળવાં જોઇએ. જેવાં કે તબીયતનાં વાંધા નીકળે, ડાકતરી દવાની ભુલો થાય અકસ્માત બને વગેરે એવું ઘણું ઘણું બને ત્યારે એવો મહાભારત એક બનાવ બનવા પામે, જેમકે એક પકવાન બનાવવા પહેલાં તે ચીજોને કેટલી બધી ક્રિયામાંથી પસાર થવું પડે છે, જાણેકે ઘઉં વાવે, તે ઉગે, પછી દડાય, છળાય, પીસાય, ત્યારબાદ રંધાય એજ માફક દરેક ચીજમાં બને છે. એમ સમજી સંત્યારો લેવો જોઇએ, નહી કે ખોટો વતવતો કરી જીવને ખાલી દુ:ખાવવો કે અરેરે આમ થવાથી આમ થયું હશે નહી તો તેમ નહી બનતે પણ એ બધો ખોટો ધખારો છે. અને ખરી વાત તો એ છે કે, એમ બનવા માટે પહેલાં આમ થવું જોઇતુંજ હતું ફેર માત્ર એટલોજ છે કે તે ચોકસ બનવાકાળ ચીજની આપણને પહેલાંથી ખબર પડી નહોતી દાખલા તરીકે હજારો વર્ષ ઉપર શાસ્ત્રમાં જે ચીજો લખાઇ ગયેલી છે તે આ જમાનામાં ખરી પડતી લોકના જોવાંમાં આવે છે. આગલ એમ ઘણા મોટા વિદ્વા-નોથી લખાઇ ગયેલું છે. (વિદ્યાને આધારે) કે ચોકસ સાલમાં આવા બનાવો બનશે, અને તે પ્રમાણે થતું આવેલુંજ છે

એ ઉપરથી સાબેત થાય છે કે પરવરદેગારે આગમજથી બધું નિર્માણ કરેલુંજ છે. જે વર્તારા, કાઢનારાઓ પારખી શકે છે માટે દુનિયાંના બાંધેલા કાયદાઓને માન આપી ચાલવામાંજ ડહાપણ છે. તેજ મુજબ મરણ પાછળની ક્રિયામાંથી ઘટતું બને એટલું કરવું, અને પાછળ હઠવું નહીં થોડું ઘણુંબી કર્યું હશે તો તે વ્યર્થ જશે નહી.

જરથોસ્તી ધર્મમાં ગુજર્યા બાદની ધર્મક્રિયા વિષે

દરેક ધર્મમાં આદમીના ગુજર્યાં બાદ તેના (સબ યા જીવ વગરના શરીર) ને પોત પોતાના ધર્મના રીવાજ મુજબ ચોકસ ક્રિયા કરી ઘણા માન સાથ દફનાવાનો યા ઠેકાણે પાડવાનો રીવાજ કોઇક જમાનાઓથી ચાલતો આવેલો છે. તે વખતે આજુબાજુનાઓની તે રૂવાન તરફ દેખાડવામાં આવેલી લાગણી અને તે લોક તરફથી આપવામાં આવેલાં માનથી ગુજરનાર માણસની લાયકાત અને તેની કીર્તિ આ જગતમાં કેટલે દરજજે અને કેવી હતી તે સઉને માલમ પડે છે. જે જોઇ તેના અંગી તથા લાગતા વળગતાઓને ઘણો સંતોષ ઉપજે છે. અને એવી રીતે પડેલા દુઃખ ઉપર મલમ જેવી ટાઢક

થઇ પડે છે. જરથોસ્તી ધર્મની ક્રિયામાં ઘણી બારીકિઓ સમાયેલી છે જે સમજવાને આપણે પુરેપુરાં શકતીવાન નથી કારણ આપણી હાલની વપરાતી પારસી ભાશા જુદી છે અને ધર્મની ઝંદ ભાષા જુદી છે કે જેમાં અવસ્થાની કેતાબો લખાયેલી છે. તોપણ, એરવદ, આલમાઓ, જેઓ એ ભાશા શીખેલા છે તેઓ પાસેથી તથા ધર્મના પુસ્તકો કે જેમાં ઝંદ અવસ્થાનો તરજુમો કરવામાં આવેલો છે તે પરથી જ્ઞાન મેળવતાં ખાત્રી થાય છે કે આપણા ધર્મમાં ઘણું વજુદ સમાયેલું છે, જે પુરૂ નહી સમજવાથી ઘણા જણને વેહેમ જેવું લાગે છે પણ ખરેખર તેમ નથી. જરથોસ્તી ધર્મ જો બારીકીથી તપાસ કરો તો માલમ પડસે કે ઘણો ખરો પવીત્રાઇ અને તે સાથે તંદુરૂસ્તી જાળવવાના તરીકા ઉપર નેમાયેલો છે. જેથી ઘણી વખાણ અને માનને લાયક ઠર્યો છે વાસ્તે બને ત્યાં તુલીક એ ધર્મના ફરમાનોને સદા માન આપી ચાલવાને દરેક જરથોસ્તીઓએ યત્ન કરવો જોઇએ કારણ વળી પાછું એ કાયદા બજાલાવવામાં ઝાઝી તકલીફ પડે એવું પણ નથી. ખરી રીતે તો એ અસલ કાયદા સેહેલા અને સરલ હતા પણ પાછળથી તેમાં નહી ઘટતા ઉમેરા સુમેરા કરી તેને વેહેમના પછાડાના લાયકનું હાથે કરી બનાવી મુકયું છે અને તેભી એટલી હદ વેરકે ખચીત આ સુધરેલા જમાનામાં તો તે ન બની શકે એવુંજ છે તેમજ લોકોનાં મગજમાં પણ તેનું ખરાપણું ન ઉતરે તો

તેમાં એ લોકને વાંક નહી તોએ મુકી છુટવું એ પણ લાજમ નથી શોધી શોધીને ઘટતું હોય અને બની શકે એટલું જારી રાખવુંજ જોઇએ, છેકજ તેને વેહેમમાં ઠેરવવું એ તો ઉંધું કહેવાય મરણ પછીના પહેલાજ ચાર દીવસની ક્રિયા કેટલી ગંભીર છે જે ઉપર ધોર કરશું તો આપણને જરૂર માલમ પડશે કે એ ચાર દીવસ દરમ્યાન આજુ-બાજુઓના ઉપર ઘણી ઉંડી અસર થાય છે. જે વખતે ખોદાતાલાને ખરો ખ્યાલ આપણા મનમાં ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. કારણ મોત જેવી ગંભીર બાબતજ તે વખતે પોતાના વહાલાઓના વિખુટા પડવાની જુદાઇ અને સંતાપની વેદનામાં તે કિરતારને એ અજબ ભેદને ખુલાશો મેલવવા અને જાણવાને મનને જીજ્ઞાસુ બનાવે છે અને તેજ વખત-છે કે જયારે તે મેલવવાની તેને તક મળે છે. પણ જો તે વખતેબી માણસ એ ચીજ તરફ બેપરવા બને તો પછી દુનિયાં વહેવારમાં તો પાછું ગુંથાયેલું છેજ માટે ઘણું ખરૂ એ વખતે કુદરતીજ માણસનું દીલ દુનિયાંઇ લોભ લાલચ અને વીચારોમાંથી હઠી થોડો વખત આવા વીચારોમાં રહે છે તેવે વખતે ઘણું સારૂં છે કે આપણા ધર્મમાં તો પહેલાં ચાર દિવસ ફરજીયાત તે વીષેની નીમેલી ધર્મક્રિયામાં રોકાવું પડે છે. નહી તો જો આવે વખતે તેવો ફક્ત રડવા બળવામાં પડી જાય તો પોતાને નુકસાન કરવા ઉપરાંત ખાસ રૂવાનને પણ ઘણું હરકત કરે છે એમ વિદ્યા ઉપરથી

સાબીત થાય છે. કારણ મરનારના આત્માને આપણા આત્માઓનો સંબંધ લાંબો વખત વેર આ જગત સાથે ચાલુ રહે છે, એમ સાબીત થયેલું છે, માટે મરનારનો આત્મા એ વાતથી (રડવા બગવાથી ત્યાં કમકમી નારાજ થાય છે અને તે ઉપરાંત તે લોકનો રસ્તો કાપવો કઠણ થઇ પડે છે માટે એવે વખતે ઘરનાંઓએ ડહાપણ વાપરી ઘણું જલદી પોતાની ફરજમાં મન લગાડી રોકાઇ જવું જોઇએ તો બેવડો ફાયદો થાય. પવીત્ર બંદગીના બળથી અને નેક શકતીઓની મદદ બેઉ તરફથી પુગવે રૂવાનની મંજલ સહેલથી કપાય છે અને પાછળ રહેલાંના દુ:ખમાં પણ ઘટાડો થાય છે કેમ જે એક ચીતની બંદગી અને આજીજીથી ધર્મ ક્રિયાના બળ સાથે બચીત તે પર અસર થવી જોઇએ માટે આજુબાજુના લોકોએ પણ તે વખતે ખાલી ખાલી ઘરનાંઓને ઉશ્કેરી રડાવામાં અને અમસ્થા રોદડાઓમાં ઉમેરો કરવો નહી પણ ડાહાપણ વાપરી સર્વે કોઇએ ઘણી ચુપકી અખત્યાર કરી તે વખતે મરનારના માનમાં બે યથા હુવેરીયા ભણી સારી દુવા મનમાં ગુજારવાથી ધર્મ ક્રિયાનેબી સારો ટેકો મલે છે અને મરનારને પણ શાંતિ થાય છે નહી તો તેમાં અડચણ થઇ તેની પવીત્ર અસર તોડી નાખે છે. કેમજે ભેગી શકતીની ગેબી અસર ઓરજ છે. જરથોસ્તી ધર્મનું એવું માનવું છે કે મરનારનો આત્મા શરૂઆતમાં થોડો વખત તેના રૂવાંન આગળજ રહે છે માટે તે વારની થતી ક્રિયાને આત્માના

માનમાંજ સમજવી, એ રીતે જો મરનારનો આત્મા જો શુધ્ધ થયેલો હોય, અને એટલી હદ સુધીની શકતી ધરાવતો હોય તો આપણી હીલચાલ તે જાણી શકે છે. અને કેટલે દરજજે તેના બેંશી તેને ચહાય છે. યા બે પરવાઇ બતાવે છે અને મનથી, યા કમનથી તેની તરફ ફરજ બજાવે છે તે પીછાણી તેવોપર આશીરવાદ નાંખે છે, યા કદુવા દે છે, એમ જગતમાં માનતું આવેલું છે પછી ખરૂં ખોટું તો ખોદાને રોશન છે. પણ એમ કરીએ તો ખોટું શું છે? કોઇબી રીતે ફાયદા જેવુંજ હશે, એમ માની તેમ કરતાં ચુકવું નહિ એથી મનને સંતોષ તો ઉપજશે? એક બારગી જો મરનારનો આત્મા નહી. જાણુશે તો પણ પરવરદેગાર કે જે સર્વે ચીજનો જાણુ-નાર છે તે તો આપણી ખરા દીલની મેહેનતની કદર બુઝશેજ અને તેનો ઘટતો બદલો આપણુને આપશે અથવા આપણે ખાતર આપણી બંદગી તેને પહોંચડશે એમાં તો કાંઇ ફેરજ નહી વળી આવે વખતે લાગટ ત્રણ ચાર દીવસ તે જગ્યા ઉપર રાત અને દીવસ સુખડ લોબાન બાળવામાંબી ઉંડી ફીલસુફી સમાયેલી છે. અને તેનો ભેદ એ સમાયેલો છે કે તે માણુસ (તે મરનાર માણુસ) ગમે એવાં યા કેવાંબી બુરાં યા ઉડતાં રોગથી ગુજર્યાં હોય, તો એવી ચીજો અને ખુશબો બલવાથી હવા તદન ચોખ્ખી થાય છે. અને જીવતાંને કોઇ વાતનો પછી ભય રહેતો નથી તથા અણુદીઠ ખરાબ શકતીઓ કે જે ખરાબ હવા અને જગ્યામાં ભમે છે તે દફે થઇ ભલા

આત્માઓ અને શક્તીઓનું ત્યા ફરો હરોનું ત્યાં આવવું થાય છે. અને તે લોકોની હાજરીથીજ સુખ શાંતી અને જીવતાંના દીલને અનહદ તથા અણુદીઠ દીલાસો મળે છે. તેમજ, બુરા જંતુઓ પણ તંદુરસ્તીના કાયદાના નીયમે એ પવીત્ર ચીજો બલવાથી નાશ પામે છે. ત્યા વધુ ફેલાવો કરી જીવતાં ને અડચણુ કરતાં અટકે છે તે ઉપરાંત ઉઠમણાની ક્રિયામાં આપણા લોકમાં જે ચોકસ કપડાંઓ વેહેંચાય છે તેમજ નાણાંની, સખાવતો થાય છે, તેથી પણ ગરીબોને ફાયદો હાંસલ થાય છે. એ દહાડે નાણાંની જે રકમો ભરાય છે તેથી કરી હજારો ધર્મખાતાઓને ટેકો મલે છે. તથા સખાવતનો તરીકો પારસીઓમાં એ રીતે ફરજીયાત જળવાઇ રહે છે. તેમજ મરનાર પાછળ થયેલો ધર્મ મરનારની પોતાની પુંજીમાંથી બી જેટલો થયો હોય તો તેનું પુન્ય અલબત તે મરનારનેજ હાંસલ થાય છે, પોતાને હાથે કીધું હોય તો તે બરાબરજ ગણાય, એમ દેખીતું છે. કારણ એનાં ફળ બધાં સારાંજ છે તોપણ પાછળથીબી થયલું ખોટું નથી, માટે વળતા આશીર્વાદ તે (ગુજરેલાં) નેજ મળે છે માટે એ વહેમ નહી રાખવો કે પાછળ થયેલો ધર્મ ખોટો છે અને મરનારને તે કાંઇ હાંસલ લાગતો નથી, ના ? ઉંડાણુ ઉતરીને જોશો તો માલમ પડશે કે ઘણો લાગે છે. વાસ્તે આવા આવી પવીત્ર ફરજોમાં રોકાવાને લીધે ઘરનાંઓને ખાલી, વિલાપ કરવાનો વખત મલતોજ નથી વળી તેવે સમયે, બહારનાઓનીબી પુષ્કળ આવણુ જાવણુ ચાલુ રહેવાથી ઘરનાંને

સારી હીંમત અને દીલાસો મળે છે તે સાથે તે વખતની મોબેદ દસ્તુરોના બુલંદ અવાજની બંદગીની અસરથી ધાસ્તી ખાઇ ગયેલાં મનોને વધુ અને વધુ હીંમત આવતી જાય છે જેમાંથી ખોદાનો વીશ્વાસ મેળવતાં મન સબર પામે છે. એ પણુ આપણામાં સારો રીવાજ છે જો તેમ ન હોય તો ઘરનાં લોકની હાલત ઘણી દયા ઉપજાવા જોગ થઇ પડે તેમજ દુઃખનો બોજો વધુ લાગે તેને બદલે આ સૌ સારૂજ થાય છે, પરેજગારી જળવાય છે, અને નાહી ધોઇ એ પવીત્ર બંદગીમાં રોકાવાથી માણુસના વીચારજ બદલાઇ જાય છે કે પરવરદેગારની જેમ મરજી હતી અને ખુશી હતી તેમજ બધું થયું છે તેમાં આપણે શું કરીએ, એવી જીવને ખાત્રી થાય છે એવે વખતે હીંમત કદી છોડવી નહી તથા હરઘેજ નાશીપાશ થવું નહી, એમ કરવે સાંમો ખોદા નારાજ થશે. તેમજ માણુસ પણુ કોઇ મદદ કરશે નહી કેમ જે સૌ હસતાંનો સાથ સાંધે, રડતાંનો સાથ કોઇ સાંધે નહી, વાસ્તે એ વખતે તો મરનારને યાદ કરી તેનાં વખાણુ કરવાં તેના સારા ગુણુ ગાવા, એવી એવી વાત બીજાંઓનેબી સાંભળવા ગમશે તથા તેના નામનું ભણુતર ચાલુ રાખવું જેથી આસ્તે આસ્તે એ પવીત્રાઇના કામ પર કુદરતી હોંશ છુટશે અને તન મન દઇને તેમાંજ પચ્છાવાની ખુશાલી હાંસલ થશે કે જેવી મઝા તે વખતે બીજા કશામાં લાગશે નહી એ પ્રમાણે જેવો વખત તેવી કામની વલણુ થાય છે. પરવરદેગાર તો એક ખરી ઇમાનદારીની

પાછાંણુ કરે છે અને તેના બદલામાં તેના મનનું સુખ આપે છે બાકી જે વડાઇને ખાતર કોઇ ખુમચા ભરી ભરીને વેહેંચે સાટે યા નોકરો રાખી કામ બજાવે, તથા અગીયારી આતશ: બેહેરામમાં એવાં કામ સોંપી દીયે, તો તેથી માથે પઇસાના બોજાનો ભારજ ચઢે છે ને તેની ફીકરના હાયસોસારા કરવા પડે છે તેથી તો સામું રૂવાન રણુજુદા થાય છે કેમજે એ લોકને પણ એવો બગાડ પસંદ નથી કેમ જે જે હાથે જાતે સોજમાઇથી થોડું સોજુ દુધ ફુલ અને સહેજ ફુરૂટનું લોબાન ખોદાના નામથી પોતાનાં ગુજરેલાં અશોવહાલાંઓના યાદમાં જીંદગી ભરજ મુકયું હોય તો કશુ ખોટું કે વહેમ જેવું બાં નથી, અને કાંઇ મુશ્કેલ પણ નથી સામું પસંદ કરવા લેગ છે કે એમ એ ઘરનું એક ખુણું પવીત્રાઇનું ધામ જણાશે અમથી બંદગીને ખાતરબાં એવો એક જુદો જગ રાખી ત્યાં રોજ સુખડ લોબાન બાળે, દરેક જણા ભણે ગણે તો ઘણુજ નેક કહેવાય, કેટલાંક અસલી પારસી ઘરોમાં તો રાત દિવસનો એવો એક પવીત્ર ચુલો સદા જારી રહે છે જ્યાં ઘરનાં બુઢાં બઇરાંઓ તે આતશની ચાકરી કરે છે ત્યાં સુખડ લોબાન બાળે છે, અને ભણે છે તેથી કરી ઘરમાં લક્ષ્મીનો વાસ રહે છે. પવીત્ર આત્માઓનું ત્યાં અણદીઠ આવવું થાય છે, અને તે લોકના પવીત્ર પગલાં, અને દુવાથી ઘરમાં વંશપરંપરાં સુખ પ્રાપ્ત થાય છે, એ ઘરમાં રહેનારના ફરજંદોના મોહપર રૂવાની રહે છે. અને જ્યાં આવી ચોજ

ચાલતી આવી છે, ત્યાં માંદગીનું તો નામજ હોતું નથી। જીંદગી લંબાય છે, અને તેઓના કુટુંબોમાં ધન દોલત કીરતી અને મરતબો, બીજા કુટુંબો કરતાં વીશેશ જોવામાં આવે છે.

પારસીઓમાં જે મોબેદ ટોળો છે, તે ઘણો ખરો ખુબસુરત હોય છે. મોઢાં પર નુરાની અને તેજ રહે છે મતલબ કે સુખ્ખીદાર અને તંદુરસ્ત હોય છે. એ બધા બંદગીના પ્રતાપ સમજવા કારણ એ લોકને ફરજીયાત પાછલી રાતે ઉઠવું પડે છે. નાહીને બંદગીમાંજ આખો દીવસ બેસવાનું, તથા સુખડ લોબાનની ચોખ્ખી હવામાં દહાડો પસાર કરવાનો એટલે બીમારી તો લાગેજ કયાંથી? અને ડાકતર દવાતો તે લોકમાં ઝાઝું જોવામાં આવેજ નહી તેમજ કજીયો કંકાસ યા કોરટ દરબાર એવું કરવાને બી તે લોકને વખત ફાજલ પડી શકતોજ નથી. હવે જો એ ટોલો વધુ કેળવાયેલો હોય તો તેના બહુજ સારા પ્રતાપ દેખાડે, જયારે થોડી કેળવણી છતાં આટલી ખુબી ધરાવે છે, જેબી એક ધર્મનું એકાન સમજવું એવું પણ જોવામાં આવે છે કે એ ટોળામાંના જેઓએ ખરી કેળવણી લીધી છે તે લોકે ખરેખરૂં નામ કાઢયું છે. ચાર દીવસની ક્રિયા ઉપરાંત આપણા લોકમાં આખું વરસ કંઇને કંઇ ક્રિયા ચાલુજ રહે છે તેમાંબી ઘણા ફાયદા અને અર્થ સમાયેલા છે, બાદ જશનો થાય છે. ગંભારી યા આબી વીગેરે ઘણી ફીલસુફી ભરેલી ક્રિયાઓ થાય છે વાસણો ઇજાય છે કપડાં મુકાય છે, ત્યા બાજની અંદર

ઉમદા પુરૂટ પુલ દારૂ વગેરે ઉ-તમ પકવાન બણાય છે જેનો સદઉપયોગ તેઓનાં સગાં સ્નેહી કરી, નેકદુવા શુકર કરી મરનારના માનમાં ગુજારે છે તે, તે લોકને પુગે છે એમ એકીનથી માનવું જોઇએ કારણ સૌથી મોટી ચીજ એકીન છે વાસ્તે વેઠ ઉતારવાનું નહી પણ એબી ખરાં દીલથી અને ભલી ઇચ્છાથી કરેલું ખોદા કબુલ રાખશેજ, ને તેમાં મદદ બી તે માલીક આપશે, અને બધી સગવડબી તેજ મોકલશે એમ નકકી જાણજો. કેમજે સૃષ્ટિમાં ઘણી અણદીઠ શકતીઓ ચોમેર આપણી આજુ બાજુ ફરતી રહે છે જેઓને સમજવાને આપણે શકતીવાન નથી છતાં માનવાને તો બંધાયેલાં છઇએ તેઓની મદદ વડે આપણે આગળ વધ્યાં જઇશું એબી સઘળાં લાઇનોમાંની એક છે. કે જેમાં પણ જેમ ઉંડા જઇશું તેમ વધુ અને વધુ ભેદ ખુલતો નજરે પડે છે વીચારી વીચારી અને આસ્તે આસ્તે સમજીને પગલું ભરવુ જોઇએ, કેમ જે એમાં પણ ઉંધાં દોરવાઇ જતાં વાર લાગે નહી તેથી ખરો રસ્તો ચુકવો નહી, જે માટે સઉથી સરસ ઇલાજ, બંદગી છે તેજ સઘળું દેખાડશે, અને જેમ વખત આવશે તેમ સમજણ પડશે. તેથી ધીરજ રાખવી જોઇએ ને ગુંચવાઈ જવાય નહીં માટે કાયદાને માન આપો, તબક, તબક, ચાલવું એવી સલાહ છે. ધર્મનું ગ્નાન પણ ઘણું ઉંડું હોવાથી તે સમજવાને મજબુત મગજ જોઇએ, તે સારૂં તંદોરસ્તી બરાબર જાળવવી, અને તેના કાયદા કાનુનો સાચવવા, જેમાં મુખ્ય ચીજ ખોરાકની

ખુબી સમજવી, પાચન થાય એવો અને થોડા પ્રમાણુમાં ખોરાક હંમેશાં લેવો પારસીઓ ગોસ મચ્છી અને ઇડાં સદા ખાતા આવ્યાં છીએ, માટે તે વગર હવે ચાલે નહી, તેમજ તન્દોરસ્તીને રૂચે પણુ નહી, છતાં જેમ બને તેમ એ ખોરાક કમતી કરવો. અને તેને બદલે ભાજી તરકારી અને જાત જાતનો કઠોર વાપરવામાં લીધો હોય તો તંદુરસ્તીને ઘણું અનુસરતું આવે, કેમજે ગોસ મચ્છીવાળો ખોરાક જરવામાં ભારે છે, જે એટલા પરથી જણુાશે કે રાંધતી વેળાજ તેને કેટલો બધો વખત લાગે છે, અને ભાજી તરકારી કેટલું જલદી ચરી જાય છે. તેજ માફક હજમ થવામાં પણુ સમજી લેવું આંતરડાં પર ભાર લાગે તેનાથી કરી જીવ ફરે છે તેમજ મગજ ભારી થવાથી વીચારશકતી સુસ્ત થઈ જાય છે. તે સબબે કોઇ પણુ વાત જલદી સમજ પડે નહી વાસ્તે જાણુવું કે હલકા ખોરાકથી શરીર હલકું રહે છે. તથા મગજ ચંચલ રહે છે. ચાવલ (ચોખા) નો ખોરાક પણુ વધુ પ્રમાણુમાં લે તો તે પણુ ભારી કહેવાય છે. વાસ્તે તે હદમાં રહીને લેવો. તેમજ ચહા કોફી દારૂ એ ચીજોથી પણુ અલગ રહેવું કારણુ તે મનની શાંતી તોડી નાંખે છે અને બુદ્ધીને તેજ રહેવા દેતું નથી. વાસ્તે એમાં પણુ ધર્મનો બાધ એટલાજ વાસ્તે ગણુાતો હોવો જોઇએ કે તે તંદરોસ્તીને લગતો છે અને તેટલાજ વાસ્તે તેમાં પણુ પાપ પુન્ય ગણેલું છે. તેથી સમજી વીચારીને લીધું હોય તો સારૂ, કેમજે વગર સમજવે કોઇબી ખોરાક

લીધો હોય તો તેમાં નુકશાની થાય અને શકતી રહે ન
વાસ્તે જો તંદોરસ્તી સારી હોય તોજ મન સારૂ અને મજબ
રહે, તેમજ કામ કાજમાં ઉલટ અને ઉમંગ આવે, પ
તબીયતનુંજ ન ઠેકાણું હોય તો માણસ ચીરડાઉ બને, અ
ઉધું ઉધુંજ કરે વાસ્તે માણુસે વેજીટેરીયન થવું, કે ન, થ
તે પોતાની તબીયત તથા ફાવતું આવે તે પર આધાર
વાસ્તે એની વીરૂધમાં કે તરફેણુમાં એકદમ મત આપી શકા
નથી એ તો એક સ્ટડી છે કે જે તે અનુભવવાથીજ તે
તોલ થઈ શકાય માટે મારી અરજ છે કે દરેક આદમી
થોડો વખત વેજીટેરીયન થઇને જાતે જોવું તો જરૂર માલ
પડશે કે એ ખોરાકથી આત્માને સારી મજબુતી મળે છે એ
કાંઇ પણ શક નથી અને વીચારો આપો આપ શુદ્ધ થાય છે વા
ખંત અને યત્ન એ બે ચીજથી બધુ પાર પડે છે. તેમજ કો
પણ વાતમાં એકીન રાખી હીંમત રાખવીએ પણ સઉથી બલવા
ગુણ છે જેની મદદથી કોઇબી સારૂ કામ કરવાને યા આરંભવા
ડરવું નહી પછી તેમાં ફાવે કે ન ફાવે તે તો એક નસીબ
વાત છે. તો પણ ખોટી બાકથી ડરી કદી પાછા હઠવું ન
એવી મારી નમ્ર સલાહ છે. બીજું કરકસર એબી માણુસ
સ્વભાવમાં એક ઉમદા ગુણ લેખાય છે, કે જે દરેક વાત
કામ લાગે છે, વખતનો બચાવ કરવો એબી એક મોટો ગુ
છે કે જેથી કરી થોડા વખતમાં માણુસ ઘણું બજાવી શ
છે. તેમજ પઇસો બચાવીને દરેક કામ કરવું એબી એ

મોટી આવડતની વાત છે. કે જેથી કરી માણુસને મહાભારત કામો પાર પાડવાને તેમજ કોઇબી વાતમાં ફતેહ મેળવવાને માટે પહેલાંથીજ અડસટો કરવા તથા ગણત્રી રાખી કામ કરવાની તબેહ પડે છે જેથી કોઇ જાતની પછીથી તેમાં મુઝવણુ થતી નથી જેથી કરી મોઢાં પર ખુશાલી અને, મનને સદા નેહ રહે છે. વાસ્તે લોભ પાપનું મુળ છે. માટે તેને તજી સદા થોડામાં ઘણું સમજી રહેવાથી સુખી રહેવાય છે. માટેજ ધરમક્રીયા પછવાડે બી થોડાજ ખરચ કરવા તેમજ જાતે પણ સાદાઇથી રહેવું. કોઈ ચીજમાં ઘણો શોખ, પહેરવા ઓઢવામાં કે ફરવામાં રાખવો નહીં, એનું આંયદે સારૂંજ ફળ છે પોતાનેજ માટે તે સારૂં છે કારણ જેટલી વધારે માણુસને Want તેટલો તેને વધારે ખરચ, અને તે નીભાવવા તથા ઉપજાવવાને વધુ જેહમત અને વધુ ફીકર રાખવી પડે છે. પણ માણુસ માત્ર ભૂલને પાત્ર છે. તેથી ડાપણુ બધાંમાં ચાલતું નથી, એવુંબી બનેચ, વાસ્તે કોઇ વાતની માણુસે અભિમાની રાખવી, એબી ઘણો ખોટો ગુણ છે, જેમકે પાપ મુળ અભિમાન, તેથી તેને પણ તોડવો, તથા અતિ લોભ તે પાપનું મૂળ છે. વાસ્તે માણુસથી જેટલું બની શકે એટલું બનાવાનું છે. કાંઇ એકદમ ફરેસ્તા તો માણુસથી થવાતુંજ નથી નહીં તો આ દુનિયામાં જનમજ શાનો લેતે ? પણ થોડું જાણેલું અને સમજેલું સારૂંજ છે.

જો આગળ ઉપર કામજ લાગશે. માટે તેમ કરો યા ના કરો, પણ જે ખરૂં તે ખરૂંજ છે. સત્ય અને સારી લાગણી એજ ખરો ધર્મ છે. અને તેજ મોડે કે વેહલે સઉને આગળ આવશે. વાસ્તે, જરથોસ્તી, ધર્મમાં જે નેક મનશની, નેક ગવશની, અને નેક કુનશની, ઉપર ધરમ રચાયલો છે, તે બર હક છે તેમાંજ સઉ સમાઇ ગયું છે, વાસ્તે આપડે જે ધર્મ પાલીએંચ તે ઘણો સારોજ છે. અને વળી સાથે તંદરોસ્તીના નીયમ ઉપર પણ રચાયલો છે. એટલે જે અછુટું ચોખું બધું ગણેલુ છે. તે Sanitary Principle ઉપર છે, વાસ્તે તે ફાયદાકારક છે. અને (નેક વીચાર), નેક બોલવું, અને નેક કરવું એ જરથોસ્તી ધર્મના તરીકામાંથીજ ખરો ધર્મ આપડે શોધી શકાયે છીએ. માટે હવે એ પાળવું આપણુ હાથમાં છે, તે સારૂ મનને સાવધ રાખવા, ઉપર લખ્યું તેમ ખોરાક એટલે જીભ ઉપરના આંકોશથી ઘણી મદદ મળશે, એમ ખાત્રી કરીને જોવું અને ખરે રસ્તેજ ચાલવું.

છેવટ.

હાલ હવે આ આવૃતિ ઘણી લંબાણુ થવાથી અને એકેકને મળતી ઢબના લખાણુ વાંચવાથી કોઇનેબી કંટાળો આવે, એવું ધારી, ચોપડી બંધ કરવાની રજા લઉ છું એટલા એ બોલ બોલીને, કે માંહે દર્શાવેલા ઘણુબી ગુણો ખુદ વાંચવાનારાઓમાં પોતાનામાં કુદરતી હશે, કે જે વિષે, કદાપિ તે લોકને ખ્યાલબી ન હોય, પણ સામાં તે જોઇ, મનમાં આફરીન કરતાં હશે, તેમજ કોઇનામાં એવા અગુણુબી હશે, કે જે કાઢવાને પોતે દરકાર ન રાખતાં હોય, તો પણ સામાંને તો તે નડતુંજ હોય, વાસ્તે ગુણ અવગુણ તો ઓહદા તાલાની બક્ષેસ, તેમજ દોષ છે, એમ કહો તો ચાલે, કોઇમાં કયો અવગુણ હોય, તો કોઇમાં કયો ગુણ હોય ને કોઇમાં કયો ગુણ હોય. તો વળી બીજો અવગુણ હોય એમ હોય વાસ્તે એ તો સઉએ પોત પોતાને મનથીજ સમજી સુધરવાનું છે, કેમજે એ વિશેની બુધી પરમેશ્વરે સહુનેજ આપેલી છે. એમાં કોઇને શીખામણ દેવા જેવું છે નહી. ખુદ લખનારના પોતાનામાં પણ એમાંના ઘણાએ અવગુણો ભર્યાં હશે અને તે હજી સુધરવાના ઘણાએ બાકી હશે, જો તેમ ન હોય તો માણુસ ફરેસ્તામાંજ ખપી જાય, ફકત એક ગુણ અવગુણની તાસીર કેવી રહે છે, તે એક લખવાના શોખને ખાતર માત્ર આ એક લખાણ લખેલું છે છતાં કોઇબી બાલકોને જો એમાંથી કાંઇ બોધ મળશે તો મને ઘણી ખુશી હાંશલ થશે.

આમીન.

સમાપ્ત.